

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 149
Dt.: 09-02-2026,
Monday
Page : 04
Rs.00.50 paisa

મુંબઈમાં મોહન ભાગવતનું મોટું નિવેદન

# RSS પ્રમુખ કોઈ જાતિના નહીં, માત્ર હિન્દુ હશે

## જો બાંગ્લાદેશના હિન્દુઓ અધિકારો માટે ઊભા થવાનું અને લડવાનું નક્કી કરે, તો તેમને આખી દુનિયાના હિન્દુઓનો સાથ મળશે: ભાગવત



(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

RSS ચીફ મોહન ભાગવતે બાંગ્લાદેશમાં થઈ રહેલી હિંસા અને ત્યાંના હિન્દુઓની સ્થિતિ પર ખૂબ જ કડક અને સ્પષ્ટ સંદેશ આપ્યો છે. તેમણે કહ્યું કે, જો બાંગ્લાદેશના હિન્દુઓ પોતાના અધિકારો માટે ઊભા થવાનું અને લડવાનું નક્કી કરે, તો તેમને આખી દુનિયાના હિન્દુઓનો સાથ મળશે. સંઘ પ્રમુખે સીધો સંદેશ આપતાં કહ્યું કે, બાંગ્લાદેશમાં લગભગ ૧.૨૫ કરોડ હિન્દુઓ છે. જો તેઓ ત્યાં રહેવાનું અને પોતાની રક્ષા માટે લડવાનું નક્કી કરે, તો વિશ્વભરના તમામ હિન્દુઓ તેમની મદદ કરશે. છેલ્લા કેટલાક મહિનાઓમાં બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ હિંસક ટોળાના હુમલાઓમાં ભારે વધારો જોવા મળ્યો છે. આ તણાવ ત્યારે વધારે વધ્યો, જ્યારે ૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ વિદ્યાર્થી નેતૃત્વ હેઠળના 'જુલાઈ વિદ્રોહ' પછી વડાપ્રધાન શેખ હસીનાને દેશ છોડવો પડ્યો હતો. તાજેતરમાં ભારત વિરોધી કટ્ટરપંથી વિદ્યાર્થી નેતા શરીફ ઉસ્માન હાદીના મોત પછી હિંસા વધુ ભડકી ઊઠી. હિંસક ટોળાએ દેશના વિવિધ ભાગોમાં હિન્દુ નાગરિકો, વેપારીઓ અને વિદ્યાર્થીઓને નિશાન બનાવ્યા, જેમાં અનેક લોકોના જીવ ગયા છે. ઘરેલુ મુદ્દાઓ પર ચર્ચા કરતાં સંઘ પ્રમુખે કહ્યું કે, પૂર્વવર્તી સરકારોએ દેશની બદલાતી જનસંખ્યા પેટર્ન પર પૂરતું ધ્યાન આપ્યું નથી. તેમણે તેના પાછળ જન્મદર અને ગેરકાયદેસર ઘુસણખોરીને મુખ્ય કારણ ગણાવ્યું. તેમણે ચેતવણી આપતાં કહ્યું કે, હવે ભારતને તોડી શકાશે નહીં. જે કોઈ ભારતને તોડવાનો પ્રયાસ કરશે, તેઓ પોતે તૂટી જશે. તેમણે લોકોને 'ગેરકાયદેસર ઘુસણખોરો'ની પોલીસને જાણ કરવાની પણ અપીલ કરી. સંઘના ફંડ્સને લઈને ઉઠતા સવાલો પર વિરામ લગાવતા મોહન ભાગવતે કહ્યું કે, RSS કોઈ કોર્પોરેટ કે સંસ્થાકીય પૈસા પર નિર્ભર નથી. અમે અમારા સ્વયંસેવકો પાસેથી ધન એકત્ર કરીએ છીએ. પ્રવાસ દરમિયાન અમે બહાર હોટલમાંથી જમવાને બદલે અમે પોતાનું ટિફિન સાથે રાખીએ છીએ અને હોટલોને બદલે કાર્યકર્તાઓના ઘરોમાં રોકાય છીએ. જાતિગત ભેદભાવ પર કડક પ્રહાર કરતાં તેમણે સ્પષ્ટ કર્યું કે, RSSમાં કોઈ પણ વ્યક્તિ, ભલે તે કોઈ પણ જાતિનો હોય, પ્રમુખ બની શકે છે. SC-ST હોવું એ કોઈ અયોગ્યતા નથી અને બ્રાહ્મણ હોવું એ કોઈ યોગ્યતા નથી. અમે તમામ જાતિઓ માટે કામ કરીએ છીએ. તેમણે લોકોને અપીલ કરી કે જો ભેદભાવ દૂર કરવો હોય તો પહેલા મનમાંથી જાતિના વિચારને કાઢવો પડશે.

હિન્દી, ગુજરાતી સહિત ૧૧ ભાષામાં અનુવાદ કર્યો

# બલૂચિસ્તાને પોતાનું અલગ સંવિધાન જાહેર કરી દીધું

## બલૂચ નેતા મીર યાર બલૂચે આ ઐતિહાસિક દસ્તાવેજને શેર કર્યો છે, જેણે પ્રધાનમંત્રી શહબાઝની ઊંઘ હરામ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)બલૂચિસ્તાન

૮ ફેબ્રુઆરી ૨૦૨૬નો દિવસ ઈતિહાસના પાને પાકિસ્તાનના ખાત્માની શરૂઆત તરીકે નોંધાઈ રહ્યો છે. બલૂચ રાષ્ટ્રવાદીઓએ એ કરી બતાવ્યું છે, જેનો ડર ઈસ્લામાબાદને દાયકાઓથી સતાવી રહ્યો હતો. બલૂચિસ્તાનની આઝાદીનો ડ્રાફ્ટ એટલે કે વચગાળાનું સંવિધાન સત્તાવાર રીતે દુનિયાની સામે રજૂ કરી દીધું છે. બલૂચ નેતા મીર યાર બલૂચે આ ઐતિહાસિક દસ્તાવેજને શેર કર્યો છે, જેણે રાવલપિંડીના આર્મી હેડક્વાર્ટરમાં બેઠેલા જનરલ આસિમ મુનીર અને પ્રધાનમંત્રી શહબાઝ શરીફની રાતોની ઊંઘ હરામ કરી નાખી છે.

બલૂચિસ્તાન લિબરેશન ચાર્ટરની પ્રસ્તાવના જ પાકિસ્તાન માટે કોઈ કાળ તકતીથી કમ નથી, મીર યાર બલૂચ અનુસાર, બલૂચિસ્તાનની ૬ કરોડની બહાદુર માતાઓ, બહેનો અને વૃદ્ધોએ આઝાદીની આ મશાલને પ્રગટાવવા માટે લાખો બલિદાન આપ્યા છે. સંવિધાન એ લાખો શહીદોના લોહીથી લખાયું છે, જેને પાકિસ્તાની સેનાએ ગાયબ કર્યા અથવા પ્રતાડિત કર્યા. આ ચાર્ટર દુનિયાને એક સ્પષ્ટ મેસેજ આપે છે કે બલૂચિસ્તાન ન તો પાકિસ્તાન છે કે ન ધાર્મિક ચરમપંથીઓનું આશ્રયસ્થાન. આ એક ધર્મનિરપેક્ષ લોકતાંત્રિક ગણરાજ્યની બ્લૂપ્રિન્ટ છે, જે આધુનિક દુનિયા સાથે ખભેખભો મિલાવીને ચાલવા માટે તૈયાર છે.

પાકિસ્તાને હંમેશા બલૂચિસ્તાનને ઈસ્લામના નામ પર ડરાવ્યા અને ત્યાં કટ્ટરપંથને પ્રોત્સાહન આપ્યું. પણ બલૂચિસ્તાન સંવિધાનની પહેલી લાઈન જ ધર્મ અને રાજનીતિને અલગ કરે છે. આ જેહાદ અને આતંકની ફેક્ટરી ચલાવનારા પાકિસ્તાન માટે સૌથી મોટી વૈચારિક હાર છે.

જ્યાં પાકિસ્તાનમાં અલ્પસંખ્યકોનું જીવવું હરામ થઈ ગયું છે, ત્યાં બલૂચિસ્તાનના સંવિધાન, હિન્દુ, શીખ અને ઈસાઈ સમુદાયને પૂર્ણ સુરક્ષા અને સમાનતાની ગેરંટી આપે છે. આ ચાર્ટર સર્વધર્મ સમભાવના પાયા પર ટકેલું છે. જે પાકિસ્તાનના બે રાષ્ટ્ર સિદ્ધાંતના ધજાગરા ઉડાવે છે.

કદાચ સૌથી મોટો ઘા એ છે કે આ ચાર્ટરને દુનિયાની ૧૧ મુખ્ય ભાષામાં અનુવાદિત કર્યું છે. તેમાં હિન્દી, મરાઠી, ગુજરાતી અને પંજાબી ભાષા પણ સામેલ છે. રસપ્રદ વાત એ છે કે ભારતના ક્રાંતિકારી અને દેશભક્ત મિત્રોએ સ્વેચ્છાએ તેમાં મદદ કરી છે. આ વૈશ્વિક મંચ પર બલૂચિસ્તાનની વધતી સ્વીકાર્યતા અને પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય બેઈજ્જતીના પૂરાવા છે.

આ ઐતિહાસિક દસ્તાવેજને તૈયાર કરવાનો શ્રેય બલૂચ રાષ્ટ્રવાદી નેતા શ્રી હિરબયાર મર્રીને જાય છે. તેમને આધુનિક બલૂચિસ્તાનના આંબેડકર અને શેખ મુઝીબ ઉર રહમાન કહેવાય છે. મર્રીએ ન ફક્ત બલૂચ જનમાનસને એક વિઝન આપ્યું છે, પણ પોતાના પૂર્વજોના વારસાને આગળ વધાર્યો છે, જેણે ૧૮મી સદીથી જ બ્રિટિશ ઔપનિવેશિક શાસન અને હવે પાકિસ્તાની કબજા વિરુદ્ધ લડાઈ લડી છે. હિરબયાર મર્રીએ આ ચાર્ટર દ્વારા વિખૂટા પડેલા બલૂચ સમુદાયોને એક સમાવેશી રાષ્ટ્રીય દ્રષ્ટિની નીચે લાવ્યા છે. એકજૂટ બલૂચિસ્તાન પાકિસ્તાન માટે સૌથી મોટો ખતરો છે.

અબુ ધાબી અને ખાડી દેશોમાં રહેલા લાખો બલૂચોની વચ્ચે આ ચાર્ટરને અરબીમાં પણ પહોંચાડ્યું છે. અફઘાનિસ્તાનની સાથે સંબંધોને મજબૂત કરવા માટે તેને પશ્તો અને ફારસીમાં પણ લાવ્યા છે. તેનો મતલબ એ છે કે પાકિસ્તાન હવે ચારે તરફથી ઘેરાઈ ચૂક્યું છે. જ્યારે શહબાઝ શરીફ અને જનરલ મુનીર આ સંવિધાન વાંચશે તો તેમને સમજાશે કે હવે બલૂચિસ્તાનના પ્રાકૃતિક સંસાધનો (સોનું, ગેસ અને તાંબું)ની લૂંટ કરી શકાશે નહીં. બલૂચ હવે પોતાના ન્યાય, સંપ્રભુતા અને સન્માન માટે એક કાયદા અંતર્ગત સંગઠિત થઈ ચૂક્યા છે. બલૂચિસ્તાન લિબરેશન ચાર્ટરે આ સ્પષ્ટ કરી દીધું છે કે બલૂચિસ્તાન હવે એક ભૂ-ભાગ જ નથી, પણ એક વિચાર બની ચૂક્યો છે. પાકિસ્તાની સેના અને સત્તા ગમે તેટલી દમનકારી નીતિઓ અપનાવી લે, પણ જ્યારે કોઈ કોમ પોતાનું સંવિધાન લાવે છે, તો તેને દેશ બનતા કોઈ રોકી શકતું નથી. આસિમ મુનીર અને શહબાઝ શરીફ માટે આ ચેતવણી સ્પષ્ટ છે કે બલૂચિસ્તાન હવે એક હકીકત છે અને પાકિસ્તાનનો નકશો બદલાવાનો છે.

સિંધુ બાદ પાકિસ્તાનને વધુ એક ઝટકો

# ચિનાબ નદી પર હાઈડ્રો પ્રોજેક્ટ માટે ભારત સરકારે ટેન્ડર જાહેર કર્યું

## NHPC એ અંદાજે રૂ.૫,૧૨૯ કરોડ ના ખર્ચે તૈયાર થનારા સાવલકોટ હાઈડ્રો પ્રોજેક્ટ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત સરકારે પાકિસ્તાન સાથેના જળ વિવાદ અને સિંધુ જળ સંધિ (IWT) ના તણાવ વચ્ચે જમ્મુ-કાશ્મીરમાં ચિનાબ નદી મામલે એક મોટો વ્યૂહાત્મક પ્રહાર કર્યો છે. NHPC એ અંદાજે રૂ.૫,૧૨૯ કરોડ ના ખર્ચે તૈયાર થનારા સાવલકોટ હાઈડ્રો પ્રોજેક્ટ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

NHPC દ્વારા બહાર પાડવામાં આવેલા ટેન્ડર મુજબ, આ આખો પ્રોજેક્ટ એક જ પેકેજ હેઠળ તૈયાર કરવામાં આવશે. જેમાં ડાઈવર્ઝન્ટ ટનલનું નિર્માણ, કોફર ડેમ, માંડિયા નાલા ડીટી અને ડેમ સાથે જોડાયેલા તમામ સહાયક કાર્યોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, રાઈટ બેંક સ્પાઈરલ ટનલ અને એક્સેસ ટનલ જેવા જટિલ એન્જિનિયરિંગ કાર્યો પણ આ પેકેજમાં આવરી લેવામાં આવ્યા છે.

સિંધુ જળ સંધિને લઈને ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ખેંચતાણ ચાલી રહી છે. ચિનાબ નદી પર ભારત જે રીતે એક પછી એક હાઈડ્રો પ્રોજેક્ટ્સ (જેમ કે રાતલે અને સાવલકોટ) ને મંજૂરી આપી રહ્યું છે, તેનાથી પાકિસ્તાનને ભવિષ્યમાં પાણીની અછતનો ડર સતાવી રહ્યો છે. નિષ્ણાતોના મતે, આ પ્રોજેક્ટ જમ્મુ-કાશ્મીરની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવા ઉપરાંત ભારતની પાવર ગ્રીડને વધુ મજબૂત બનાવશે અને જળ સંસાધનોના બહેતર ઉપયોગની દિશામાં મોટું કદમ સાબિત થશે.

ફ્રી ઈ-વીઝા, કોમર્શિયલ એમ્બેસી...

# મલેશિયા પ્રવાસ દરમિયાન PM મોદી અને PM અનવર વચ્ચે ડીલ

## વેપાર, સુરક્ષા અને ટેકનોલોજી સહિતના અનેક ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે મહત્ત્વના કરારો પર હસ્તાક્ષર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ મલેશિયાના પ્રવાસે છે. રવિવારે (આઠમી ફેબ્રુઆરી) તેમણે મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી.

આ બેઠકમાં બંને દેશોએ વેપાર, સુરક્ષા અને ટેકનોલોજી સહિતના અનેક ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે મહત્ત્વના કરારો પર હસ્તાક્ષર કર્યા છે. પીએમ મોદીએ આ મુલાકાતને ભારત-મલેશિયા સંબંધો માટે એક નવી ઊંચાઈ ગણાવી છે. સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં પીએમ મોદીએ જણાવ્યું કે, બંને દેશો વચ્ચે આર્થિક અને ડિજિટલ ભાગીદારી મજબૂત કરવા પર સહમતી બની છે.

સેમિકન્ડક્ટર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ડિજિટલ ટેકનોલોજી અને બાયોટેકનોલોજીમાં સાથે મળીને કામ કરવા નિર્ણય લેવાયો છે.

મલેશિયામાં વસતા ભારતીયોની સુવિધા માટે ભારત ત્યાં એક નવું કોન્સ્યુલેટ (દૂતાવાસની કચેરી) ખોલશે.

આ ઉપરાંત મલેશિયામાં હવે ભારતીય પર્યટકો માટે UPI ડિજિટલ ઈન્ટરફેસ ઉપલબ્ધ થશે, જે નાણાકીય વ્યવહારને અત્યંત સરળ બનાવશે.

મલેશિયામાં વસતા ૩૦ લાખથી વધુ ભારતીય ડાયસ્પોરાને પીએમ મોદીએ મોટી તાકાત ગણાવી હતી. નાગરિકોની સુવિધા માટે મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. જેમ કે, બંને દેશો વચ્ચે પ્રવાસન વધારવા માટે મફત ઈ-વીઝાની સુવિધા. મલેશિયામાં કામ કરતા ભારતીય શ્રમિકોના રક્ષણ માટે સામાજિક સુરક્ષા કરાર કરવામાં આવ્યો છે. યુનિવર્સિટી એક્સચેન્જ અને સ્ટાર્ટઅપ કનેક્ટ દ્વારા યુવાનો માટે નવી તકો ઊભી કરવામાં આવશે.

પીએમ મોદીએ મલેશિયાને ASEANના સફળ અધ્યક્ષપદ બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે, ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર આજે વિશ્વના વિકાસ એન્જિન તરીકે ઉભરી રહ્યું છે અને ભારત-મલેશિયા સાથે મળીને આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા માટે કામ કરશે.

ભારતીય રેલવેમાં ID ચકાસણી ફરજિયાત

# બાંગ્લાદેશ અને નેપાળ સરહદના વિસ્તારોમાં રિઝર્વ ટ્રેનોમાં કડક નિયમો

## મુસાફરી માટે ઓળખ પુરાવાની ચકાસણી ફરજિયાત રહેશે, આ પગલું સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે લેવામાં આવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રેલવે મંત્રાલયે જાહેરાત કરી છે કે હવે બાંગ્લાદેશ અને નેપાળ સહિત આંતરરાષ્ટ્રીય સરહદ વિસ્તારોમાં ચાલતી રિઝર્વ ટ્રેનોમાં મુસાફરી માટે ઓળખ પુરાવાની ચકાસણી ફરજિયાત રહેશે. આ પગલું સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે લેવામાં આવ્યું છે. અત્યાર સુધી ટ્રેનમાં નામ જણાવવામાં આવતાં અથવા તો સીટ નંબર કહેવામાં આવતાં પુષ્ટિ થઈ જતી હતી. જોકે હવે જે નામની સીટ હશે એનું ઁ ચેક કરવામાં આવશે. જો એક કરતાં વધુ વ્યક્તિ હોય તો કોઈ પણ એક વ્યક્તિનીઁ હોવી જરૂરી છે.

૨૦૨૬ની ૪ ફેબ્રુઆરીએ રેલવે બોર્ડે તમામ ઝોનલ રેલવેને લખેલા પત્રમાં જણાવ્યું કે રિઝર્વ ક્લાસમાં મુસાફરી દરમિયાન ઓછામાં ઓછા એક મુસાફરે મૂળ ઓળખ પુરાવો રજૂ કરવું ફરજિયાત છે. જો આવું ન કરવામાં આવે તો તમામ મુસાફરોને ટિકિટ વિના મુસાફરી કરતા ગણવામાં આવશે. આથી તેમને દંડ પણ કરવામાં આવી શકે છે અને ટ્રેનમાંથી ઉતારી પણ મૂકવામાં આવી શકે છે.

ઝોનલ રેલવેને વધુમાં સૂચના આપવામાં આવી છે કે કોઈપણ મુસાફર જો કન્સેશનનો લાભ લેતો હોય અથવા ખાસ કેટેગરી માટે રાખેલા ક્વોટા હેઠળ ટિકિટ બુક કરતો હોય તો તેને માન્ય ઓળખ પુરાવો રજૂ કરવું પડશે. તેમની કન્સેશન અથવા રિઝર્વેશન ક્વોટાની દાવેદારી સાચી છે એ તેમણે ટ્રેનમાં સાબિત કરવું પડશે અને જો એ કરવામાં નિષ્ફળ રહ્યાં તો એ કન્સેશનના પૈસા ચૂકવવા પડશે.

રેલવે બોર્ડે ૬ ફેબ્રુઆરીએ રજૂ કરેલા એક રિપોર્ટમાં જણાવ્યું છે કે "આ સૂચનાઓને ખાસ કરીને આંતરરાષ્ટ્રીય સરહદ વિસ્તારોમાં જેમ કે નેપાળ, બાંગ્લાદેશ નજીકના વિસ્તારમાં ચેક કરવું ખૂબ જ જરૂરી છે. તેમ જ નિયમોનું કડક પાલન કરવામાં આવે એની જવાબદારી રેલવે કર્મચારીઓની છે."

રિઝર્વ ટ્રેનોમાં મુસાફરી કરતા મુસાફરોને રેલવે મુસાફરી દરમિયાન સાચો ઓળખ પુરાવો સાથે રાખવું ફરજિયાત છે. આ માટે રેલવે દ્વારા કેટલાક માન્ય ઓળખ પુરાવાની યાદી પણ રજૂ કરવામાં આવી છે:

- ભારતના ચૂંટણી આયોગ દ્વારા રજૂ કરવામાં આવેલો મતદાર ફોટો ઓળખ કાર્ડ
- પાસપોર્ટ
- ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા આપવામાં આવેલો PAN કાર્ડ
- RTO દ્વારા આપવામાં આવેલું ડ્રાઈવિંગ લાઈસન્સ
- કેન્દ્ર/રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલું સીરિયલ નંબર ધરાવતું ફોટો ઓળખ કાર્ડ
- માન્યતા ધરાવતી શાળા/કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવેલ ફોટો સાથેનું સ્ટુડન્ટ આઈડેન્ટિટી કાર્ડ
- ફોટો સાથેની નેશનલાઈઝ્ડ બેંક પાસબુક
- યુનિક આઈડેન્ટિફિકેશન કાર્ડ એટલે કે આધાર કાર્ડ




# કર્ણાટકમાં એક ખેતરમાં ખાબક્યું ખાનગી વિમાન, ૨ ઈજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)વિજયપુરા

કર્ણાટકના વિજયપુરા જિલ્લા એક પ્રાઈવેટ જેટ ક્રેશ થયું છે. પ્લેન દુર્ઘટનામાં પાયલોટ અને ટ્રેઈની પાયલોટ ગંભીર રીતે ઈજગરસ્ત થયા છે. સમગ્ર મામલે સ્થાનિક પોલીસે તપાસ શરૂ કરવામાં આવી છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પ્રાથમિક અહેવાલો અનુસાર પ્રાઈવેટ વિમાન કાલબુર્ગીમાં પાસે જ હવામાં ડગમગવા લાગ્યું હતું. પાયલોટે પ્લેન સંભાળવા ઘણા પ્રયાસ કર્યા. પણ પછી એક ખેતરમાં ક્રેશ થયું. વિમાનમાં સવાર બંને વ્યક્તિને હોસ્પિટલ લઈ જવામાં આવી. અત્યાર સુધીની તપાસમાં ઈંધણની કમી અથવા તો એન્જિનમાં ખરાબી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. જોકે વિમાન દુર્ઘટનાનું મુખ્ય કારણ તો તપાસ બાદ જ જાણવા મળશે. આ વિમાન 'રેડ બર્ડ એવિએશન' કંપનીનું હતું, આ કંપની દ્વારા પણ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.

## તંત્રી લેખ......

# ૨૦૨૫ના બજેટની ૬૦% રકમ નવ મહિને પણ ન વપરાઈ

સરકારે આ નાણાકીય વર્ષમાં પોતાની સૌથી મોટી યોજનાઓ પર ૪૦% બજેટ જ ખર્ચ કર્યું છે. આ એ યોજનાઓ છે જેના માટે લગભગ ૫૦૦ કરોડનું બજેટ નક્કી કરવામાં આવ્યું હતું. આ યોજનાઓમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા સંયુક્ત રીતે ખર્ચ કરવાનો છે. આ યોજનાઓમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ હેઠળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારો, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિધવા પેન્શન યોજના અને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે પ્રી-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના સામેલ છે. આ ઉપરાંત મનરેગા અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના પર પણ ૪૦% જ ખર્ચ થયો છે. આમ ૨૦૨૫ના બજેટની ૬૦% રકમ ૯ મહિને પણ નથી વપરાઈ. કુલ ૫૩ યોજનાઓમાંથી ૬ યોજનાઓ પર ૪૦%થી ઓછો ખર્ચ કરવામાં આવ્યો છે. ચાર યોજનાઓમાં ૪૦ થી ૫૦%, ૧૫ યોજનાઓમાં ૫૧ થી ૭૫%, ૧૦ યોજનાઓમાં ૯૦ થી ૧૦૦% અને ૬ યોજનાઓમાં ૧૦૦% ખર્ચ થયો છે. બાકીની ૪૭ યોજનાઓ પર રિવાઈઝ્ડ એસ્ટિમેટ બજેટ એસ્ટિમેટથી ઓછું છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના માટે ૮૫૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું હતું, જેમાંથી માત્ર ૧૫૦ કરોડ ખર્ચ થયા છે. જો ૫૩ યોજનાઓ પર કુલ ખર્ચની વાત કરીએ તો તે ૩.૮ કરોડ રૂપિયા છે. આ યોજનાઓ માટે ૫ લાખ કરોડ રૂપિયાનું બજેટ જાહેર કરવામાં આવ્યું હતું. ૩૧ ડિસેમ્બર સુધીમાં ૨ લાખ કરોડ રૂપિયાનું બજેટ રિલીઝ કરવામાં આવ્યું હતું, જે કુલ બજેટનો ૪૧.૨% ભાગ હતો. પ્રધાનમંત્રી કિસાન સન્માન યોજના, વોટર મેનેજમેન્ટ, પીએમ ઈ-બસ સેવા, ધરતી આબા જનજાતિ ગ્રામ ઉત્કર્ષ અભિયાન, જળ જીવન મિશન, કમ્પ્યુટરાઈઝેશન ઓફ પ્રાઈમરી એગ્રીકલ્ચર ક્રેડિટ સોસાયટી અને અન્ય ઘણી યોજનાઓ પર બજેટનો માત્ર ૪૦% ટકા ખર્ચ કરવામાં આવ્યો છે. આમાંથી ૬ યોજનાઓ એવી પણ છે જેના માટે માત્ર ૧૦% જ બજેટ રિલીઝ થયુ છે. આ બજેટ સત્ર દરમિયાન કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સીઆર પાટીલે શનિવારે જણાવ્યું હતું કે, દેશમાં જળ જીવન મિશન હેઠળ અત્યાર સુધીમાં ૧૬ કરોડ ઘરોને નળનું પાણી પૂરું પાડવામાં આવ્યું છે. પાટીલે અહીં કેન્દ્રીય બજેટ અંગે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા આ જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અમૃત સરોવર યોજના અને ત્તત્તસ ઐતિહાસિક સાબિત થઈ રહી છે અને અમૃત સરોવર યોજના હેઠળ દેશભરમાં ૬૯ હજારથી વધુ તળાવોનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેના કારણે ભૂગર્ભજળના સ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે. તેમણે આગળ જણાવ્યું કે, ત્તત્તસ માટે ૬૭,૩૦૦ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે અને અત્યાર સુધીમાં ૧૬ કરોડ ઘરોને નળ દ્વારા પાણી પૂરું પાડવામાં આવ્યું છે અને ૪-૫ કરોડ વધુ ઘરોને પાણી પૂરું પાડવામાં આવશે તથા આ યોજનાને વર્ષ ૨૦૨૮ સુધી લંબાવવામાં આવી છે. આનાથી દેશની આશરે ૯ કરોડ માતાઓ અને બહેનોનો આશરે ૪.૫ કરોડ કલાકનો સમય બચ્યો છે. આ સાથે જ ૨૪ લાખ ૮૦ હજાર મહિલાઓને પાણીની ગુણવત્તા ચકાસવા માટે તાલીમ આપવામાં આવી છે અને ૮ લાખ મહિલાઓએ પોતાના રિપોર્ટ પરીક્ષણ પોર્ટલ પર અપલોડ કર્યા છે.

# વડોદરામાં કોંગ્રેસનો ભાજપ-ચૂંટણી પંચ સામે આક્ષેપ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેર કોંગ્રેસ સમિતિએ પત્રકાર પરિષદ યોજીને સત્તાધારી ભાજપ અને ઈલેક્શન કમિશન પર વોટ ચોરીનો ગંભીર આક્ષેપ કર્યો છે.

કોંગ્રેસે ડિજિટલ પ્રેઝન્ટેશન દ્વારા દાવો કર્યો છે કે, શહેરના સાચા મતદારોના નામ મતદાર યાદીમાંથી કમી કરવા માટે ફોર્મ-૭નો દુરુપયોગ કરી એક મોટું કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે.

મળતી માહિતી અનુસાર, વડોદરા શહેર કોંગ્રેસના નેતાઓએ દાવો કર્યો હતો કે, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા હેઠળ ખોટા વાંધા ઉઠાવીને મતદારોને યાદીમાંથી બહાર કરવામાં આવી રહ્યા છે. શહેરની પાંચ વિધાનસભા બેઠકોમાં કુલ ૪૬,૨૬૬ મતદારોના નામ કમી કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. વોર્ડ નંબર-૪ના ભાજપના કાઉન્સિલર અજીત દધીચે ઉઠાવેલા ૧૨૨ વાંધાઓ વાસ્તવમાં સાચા મતદારોના છે તેવો આરોપ લગાવાયો છે. પત્રકાર પરિષદમાં કોંગ્રેસે કેટલીક ચોંકાવનારી વિગતો રજૂ કરી હતી. જેમાં દેવેશ પટેલ નામની વ્યક્તિ પાસે ૨૫ અને સી.એન. માછી પાસે ૨૦ EPIC આઈડી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. કોંગ્રેસે પ્રશ્ન ઉઠાવ્યો કે એક જ વ્યક્તિ પાસે આટલા બધા વોટર આઈડી કાર્ડ કેવી રીતે હોઈ શકે? અને તેમાંના મોટાભાગના નંબર ખોટા હોવાનું પણ બહાર આવ્યું છે.

કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે જિલ્લા ચૂંટણી અધિકારી અને BLO દ્વારા આવા ખોટા વાંધાઓ સ્વીકારવામાં આવ્યા છે. આ ગોટાળો છુપાવવા માટે ડેટા ઓનલાઈન મૂકવામાં આવ્યો નથી. BLO ઈમ્તિયાઝ શેખ જેવા પ્રામાણિક કર્મચારીઓને જો ગેરહાજર દર્શાવી હેરાન કરવામાં આવશે, તો કોંગ્રેસ રસ્તા પર ઉતરી આંદોલન કરશે. વડોદરા શહેર કોંગ્રેસની મુખ્ય માંગ કરી છે કે, ખોટા વાંધા રજૂ કરી લોકશાહી સાથે ચેડાં કરનારા લોકો સામે દેશદ્રોહનો ગુનો નોંધવો જોઈએ. કોઈ પણ સંજોગોમાં તપાસ વગર સાચા મતદારોના નામ મતદાર યાદીમાંથી હટાવવા જોઈએ નહીં. સમગ્ર પ્રક્રિયાને ઓનલાઈન કરી જનતા સામે સ્પષ્ટતા કરવી.

### ગેનીબેન ઠાકોરનો હુંકાર

# ઠાકોર સમાજનું નવું બંધારણ વર્ષ ૨૦૨૭ પહેલા તો નહિ જ બદલાય!

## ગેનીબેન ઠાકોરે ડીજે પર પ્રતિબંધ મામલે કહ્યું કે, ડીજે વાળી વાત તો કરવાની જ નથી, એમાંય કોઈ જ ફેરફાર કરવાનો જ નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

વાવ-થરાદના ભાભરમાં ઠાકોર સમાજની સામાજિક બેઠક યોજાઈ હતી. જેમાં બંધારણના ભંગ મુદ્દે સાંસદ ગેનીબેન ઠાકોર બોલ્યા કે, "સમાજના બંધારણમાં ૨૦૨૭ પહેલા કોઈ જ ફેરફાર નહીં થાય."

ભાભરમાં ઠાકોર સમાજની સામાજિક બેઠક યોજાઈ હતી. જેમાં મંત્રી સ્વરૂપજી ઠાકોર, સાંસદ ગેનીબેન ઠાકોર સહિત અનેક આગેવાનો અને યુવાનો બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ગામમાં દારૂબંધી કરવા માટેનું આયોજન કરાયું હતું. સાથે જ બંધારણના ભંગ મુદ્દે પણ કેટલાક નિર્ણયો લેવાયા છે.

ભાભરમાં મળેલી ઠાકોર સમાજની સામાજિક બેઠકમાં સાંસદ ગેનીબેન ઠાકોરે ડીજે પર પ્રતિબંધ મામલે કહ્યું કે, ડીજે વાળી વાત તો કરવાની જ નથી, એમાંય કોઈ જ ફેરફાર કરવાનો જ નથી. ૧૬ મુદ્દાઓ જે થયા એ પાકા જ છે. એમાંય લગીરેય ક્યાંય આઘુપાછું કરવાનું નથી. હું સોશિયલ મીડિયામાં જોઉં છું કે ટ્રેક્ટર વચ્ચે રાખીને તેનું ટેપ વગાડીને લખે કે ગેનીબેનના બંધારણનું માન રાખ્યું એટલે આપણે બંધ કરાઈએ પણ નાના નાના રસ્તાઓ તો નીકળી જ રહ્યા છે. નાસિક ઢોલ હોય ઢોલ હોય તરતડિયા હોય કે ટ્રેક્ટર ઉપર ટેપ હોય કે પછી સાઉન્ડ સિસ્ટમ હોય એટલે કે એક જ જગ્યાએ રાખીને વગાડી શકાય એ વાગે તો સમાજને તેમાં કઈ વાંધો નથી. ડીજે આવ્યા હતા એટલે કોઈ ઢોલવાળાએ એવું કહ્યું ન હતું કે અમારી રોજગારી બંધ થઈ ગઈ. હવે વાસણવાળા, કાપડવાળા, સોની બજારવાળા બધાય કહેશે તો આપણું બંધારણ નહિ બદલાય એટલે બંધારણ બની ગયું. ૨૦૨૬નું બજેટ પાસ થઈ ગયું હવે ૨૦૨૭ પહેલા આમાં હું વ્યક્તિગત સમાજ વતી કહું છું કે કોઈ ફેરફાર નહિ જ થાય.

બેઠક બાદ ગેનીબેને નિવેદન આપતા કહ્યું કે, તમામ ગામોની અંદર વ્યસન મુક્ત થાય દારૂ બંધ કરવા માટે કરીને ગામો ગામ કમિટીઓની રચના થાય તે માટેની બેઠક હતી. સમાજને દીકરા દીકરીઓને ભણાવવા માટે હોસ્ટેલ માટે સારી જગ્યા માટે આજે ચર્ચા કરાઈ છે. ઓગડ ખાતે બંધારણ કર્યું તેનું ચુસ્ત અમલ થાય તેની પણ ચર્ચા કરાઈ છે.

ગામે ગામ કમિટી બને અને સાથે મળીને આ સારું કાર્ય કરી રહ્યા છે એમને બધાને ખૂબ ખૂબ અભિનંદન આપવાના ઘટે. આવનાર સમયની અંદર નાના મોટી ત્રુટી આવતી હશે તો સાથે મળીને જ્યારે બંધારણ દિવસે ઉજવણી થાય એ દિવસે જે મુદ્દાઓ આવશે, તેમ તેનું સોલ્યુશન કરીશું. સમાજ ભેગો થઈને નક્કી કરે એ પ્રમાણે પ્રયત્નો કરાશે.

બંધારણ ત્રણ જિલ્લાઓ સાથે મળીને બનાવ્યું હતું. હું ખાલી વાંચવા માટે નિમિત્ત હતી. પણ જે કાંઈ સુધારા વધારા કરવાના થતા હશે એ બધા આગેવાનો સાથે મળીને એ નક્કી કરશે. ગેનીબેન આજે મારે બે ત્રણ ધારાસભ્ય જોડે વાત થઈ છે. પાંચ દિવસ પછી મળશે અને મળ્યા પછી આ બાબતમાં જ્યાં મીટિંગ નથી થઈ, જ્યાં કમિટીની રચના નથી થઈ કોઈકે ભૂલ કરી છે તો એના માટે શું કરવું તેની ચર્ચા કરવામાં આવશે.

### ગીરનારની તળેટીમાં હાલ મહાશિવરાત્રીના મેળાની ઉજવણી

# ગીરનાર મહાશિવરાત્રીના મેળામાં ૧૧મીએ મૈથિલી ઠાકુર અને રાજભા ગઢવીની પ્રસ્તુતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)જુનાગઢ

ગીરનારની તળેટીમાં હાલ મહાશિવરાત્રીના મેળાની ભવ્યાતિભવ્ય ઉજવણી થઈ રહી છે. ત્યારે આ આયોજનમાં ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ યોજાય તેવું આયોજન સરકારી તંત્રએ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું કર્યું છે. જેમાં તારીખ ૧૧મી ફેબ્રુઆરીએ ગાયિકા મૈથિલી ઠાકુર પોતાના સૂર રેલાવશે તથા લોકસાહિત્યકાર રાજભા ગઢવી પણ પ્રસ્તુતિ રજૂ કરવાના છે, ત્યારે બંને કલાકારોએ આ શિવરાત્રી મેળામાં સહ પરિવાર ઉપસ્થિત રહેવા અપીલ કરી છે. જુનાગઢમાં ગીરનારની તળેટીમાં આયોજિત મહાશિવરાત્રીના મેળામાં જુનાગઢ જિલ્લા વહીવટી તંત્ર અને કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગાંધીનગર દ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું છે. જે જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસની સામે, ભવનાથ તળેટી, જુનાગઢ ખાતે આગામી તા. ૧૧થી ૧૪ ફેબ્રુઆરી દરમિયાન થનાર છે. ત્યારે ચાર દિવસીય આ મહોત્સવમાં દેશ-વિદેશમાં ખ્યાતિપ્રાપ્ત કલાકારો દ્વારા સંગીતમય પ્રસ્તુતિઓ કરવામાં આવશે. તેમાં હાજર રહેવા કલાકારોએ વીડિયો સંદેશના માધ્યમથી જાહેર જનતાને અપીલ કરી છે.

જુનાગઢમાં ગીરનારની તળેટીમાં યોજાનાર ચાર દિવસીય મહાશિવરાત્રી મેળા મહોત્સવમાં પ્રથમ દિવસે તા. ૧૧મી ફેબ્રુઆરીના રોજ રાત્રે પ્રખ્યાત લોક તથા શાસ્ત્રીય ગાયિકા મૈથિલી ઠાકુર પોતાની સુરીલી રજૂઆત દ્વારા ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે. ત્યારે ગાયિકા મૈથિલી ઠાકુરે એક વીડિયો સંદેશના માધ્યમથી શ્રદ્ધાળુઓ તથા શહેરીજનોને આ મહાશિવરાત્રી મેળામાં સહ પરિવાર ઉપસ્થિત રહેવા હાર્દિક અપીલ કરી હતી.

સાથે જ ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમ સમા મહાશિવરાત્રી મેળામાં ૧૧મી ફેબ્રુઆરીના રોજ રાત્રે પ્રખ્યાત લોકસાહિત્યકાર રાજભા ગઢવી દ્વારા ભજન, લોકગીત, સંગીતની પ્રસ્તુતિ કરવામાં આવશે. જેથી લોકસાહિત્યકાર રાજભા ગઢવીએ પણ એક વીડિયો સંદેશના માધ્યમથી શ્રદ્ધાળુઓ તથા શહેરીજનોને મહાશિવરાત્રી મેળામાં સહ પરિવાર સહભાગી બનવા અપીલ કરી હતી.

### રીલ બનાવવાનું ભૂત જીવલેણ સાબિત થયું

# ફાંસી લગાવવાની એક્ટિંગ કરતી વખતે મહિલાનું દર્દનાક મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)કાનપુર

ઉત્તર પ્રદેશના કાનપુર નજીક બાંદા જિલ્લામાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં ઈન્સ્ટાગ્રામ રીલ બનાવવાના ચક્કરમાં એક ૨૭ વર્ષીય મહિલાએ પોતાનો જીવ ગુમાવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, મહિલા વીડિયોમાં ફાંસી લગાવવાનું નાટક કરી રહી હતી, પરંતુ આ દરમિયાન ફાંસો ખરેખર તેની ગરદન પર કસાઈ ગયો અને તે પોતાની જાતને બચાવી શકી નહીં. મહિલાનું નામ મોહિની હતું. પરિવારના સભ્યોએ જણાવ્યું કે, મોહિનીને સોશિયલ મીડિયા પર રીલ બનાવવી ખૂબ પસંદ હતી. પરિવારના જણાવ્યા મુજબ, ૬ ફેબ્રુઆરીની સાંજે મોહિની પોતાના રૂમમાં મોબાઈલથી એક રીલ બનાવી રહી હતી. તે રીલમાં ફાંસી લગાવવાનો સીન કરી રહી હતી. આ માટે તેણે છતના હૂક પર દોરડું બાંધ્યું, એક સ્ટૂલ પર ઊભી રહી અને દોરડું પોતાની ગરદનમાં નાખીને એક્ટિંગ કરવા લાગી હતી. રીલ બનાવતી વખતે અચાનક તેનું સંતુલન બગડ્યું અથવા પગ લપસી ગયો હતો. જ્યારે તેના પગ સ્ટૂલ પરથી નીચે ઉતરી ગયા, ત્યારે મજાકમાં કરવામાં આવી રહેલો સીન ખરેખર ફાંસી જેવો બની ગયો હતો, અને ગણતરીની સેકન્ડોમાં તેનું મોત થઈ ગયું હતું. આ ઘટના ત્યારે સામે આવી જ્યારે તેની ૪ વર્ષની પુત્રી રૂમમાં આવી અને, પોતાની માતાને લટકતી જોઈ હતી. બાળકી જોરજોરથી રડવા લાગી, ત્યારબાદ આસપાસના લોકો અને પરિવારના સભ્યો દોડીને રૂમમાં પહોંચ્યા હતા.

### ઉલટફેર થતા થતા રહી ગયો

# રસાકસી ભર્યા મુકાબલામાં ઈંગ્લેન્ડે નેપાળને ૪ રનથી હરાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬નો ૫મો મુકાબલો આજે(૮ ફેબ્રુઆરી) ઈંગ્લેન્ડ અને નેપાળ વચ્ચે રમાયો હતો. જેમાં ઈંગ્લેન્ડની ટીમે માત્ર ૪ રને જીત હાંસલ કરી. આ મેચનું પરિણામ અંતિમ બોલ પર આવ્યું. આ મેચ મુંબઈના વાનખેડે મેદાન પર રમાઈ. ઈંગ્લેન્ડની ટીમે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ઈંગ્લેન્ડે ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૮૪ રન બનાવ્યા હતા. પરંતુ નેપાળે છેલ્લા બોલ સુધી લડાઈ લડી અને માત્ર ૪ રનથી હાર્યું. નેપાળે ૨૦ ઓવરમાં ૬ વિકેટના નુકસાન પર ૧૮૦ રન બનાવ્યા હતા. છેલ્લી ૨ ઓવરમાં નેપાળને જીત માટે ૨૪ રનની જરૂર હતી. ૧૯મી ઓવરમાં વુડના પહેલા બોલ પર ચોગ્ગો ફટકાર્યો અને પછી સતત ૨ વાઈડ ગઈ. બીજા બોલ પર કોઈ રન ન આવ્યો. પરંતુ ત્રીજા બોલ પર લોકેશે ફરી ચોગ્ગો ફટકાર્યો. ત્યારબાદ ફરી એક વાઈડ આવ્યો. ચોથા બોલ પર ૨ રન આવ્યા. ૫માં બોલ પર એક રન આવ્યો. પછી ૧૯મી ઓવરના છેલ્લા બોલ પર ગુલશન ઝા બોલ્ડ થઈ ગયો. એટલે છેલ્લા ૬ બોલ પર જીત માટે નેપાળને ૧૦ રનની જરૂર હતી.

૨૦મી ઓવરના પહેલા બોલ પર કોઈ રન ન મળ્યો. બીજા બોલ પર એક રન આવ્યો. ત્રીજા બોલ પર પણ એક રન આવ્યો. ચોથા બોલ પર લોકેશે ૨ રન લીધા. ત્યારે બે બોલમાં ૬ રનની જરૂર હતી. ૫માં બોલ પર લોકેશ રન ન બનાવી શક્યો. છેલ્લા બોલ પર ૬ રનની જરૂર હતી. પરંતુ લોકેશ માત્ર એક જ રન બનાવી શક્યો. આમ, ઈંગ્લેન્ડે આ મેચ ૪ રનથી જીતી લીધી.

ઈંગ્લેન્ડ (પ્લેઈંગ ૧૧): ફિલ સાલ્ટ, જોસ બટલર, જૈકબ બેથેલ, ટોમ બેન્ટન, હેરી બ્રૂક, સેમ કરેન, વિલ જૈક્સ, લિયામ ડોસન, જોફ્રા આર્ચર, આદિલ રાશિદ, લ્યૂક વુડ.

નેપાળ (પ્લેઈંગ ૧૧): કુશલ ભુર્ટેલ, આસિફ શેખ, રોહિત પૌડેલ, દીપેન્દ્ર સિંહ એરી, આરિફ શેખ, લોકેશ બામ, ગુલસન ઝા, કરણ કેસી, નંદન યાદવ, સંદીપ લામિછાને, શેર મલ્લા.

# NEET UG 2026 ની પરીક્ષાની તારીખ જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET) UG 2026 માટે નોટિફિકેશન બહાર પાડ્યું છે. રસ ધરાવતા ઉમેદવારો હવે સત્તાવાર વેબસાઈટ neet.nta.nic.inની મુલાકાત લઈને અરજી કરી શકે છે. ઉમેદવારો ક્રેડિટ/ડેબિટ કાર્ડ, નેટ-બેંકિંગ અથવા UPI દ્વારા ફી ચૂકવી શકે છે. ફીની ચુકવણી માટેની છેલ્લી તારીખ આઠમી માર્ચ, ૨૦૨૬, રાત્રે ૧૧:૫૦ વાગ્યે છે. જો અરજીમાં કોઈ સુધારાની જરૂર હોય, તો સુધારા પ્રક્રિયા ૧૦મી માર્ચ, ૨૦૨૬થી ૧૨મી માર્ચ, ૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે. પરીક્ષાની તારીખ ત્રીજી મે, ૨૦૨૬ છે અને તેનો સમયગાળો ૩ કલાક રહેશે. પરીક્ષાનો સમય બપોરે ૨:૦૦થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધીનો છે. પરીક્ષા દેશભરની ૧૩ ભાષાઓમાં લેવામાં આવશે. આ ભાષાઓમાં આસામી, બંગાળી, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, કન્નડ, મલયાલમ, મરાઠી, ઉડિયા, પંજાબી, તમિલ, તેલુગુ અને ઉર્દૂનો સમાવેશ થાય છે.

કેવી રીતે અરજી કરવી?

- ●સૌપ્રથમ, NTA NEETની સત્તાવાર વેબસાઈટ, neet.nta.nic.inની મુલાકાત લો.
- ●હોમપેજ પર 'New Registration' પર ક્લિક કરો.
- ●સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો અને 'આગળ વધો' પર ક્લિક કરો.
- ●અરજી નંબર અને પાસવર્ડ જનરેટ કરવા માટે જરૂરી વિગતો ભરો.
- ●લોગિન કરો અને વ્યક્તિગત વિગતો, શૈક્ષણિક લાયકાત અને પરીક્ષા શહેર પસંદગીઓ સહિત અરજી ફોર્મ ભરો.
- ●બધા જરૂરી દસ્તાવેજો અપલોડ કરો.
- ●અરજી ફી ચૂકવો અને ફોર્મ સબમિટ કરો.
- ●ભવિષ્યના સંદર્ભ માટે ભરેલા ફોર્મનું પ્રિન્ટઆઉટ રાખો.

અરજી માટેના જરૂરી ડોક્યુમેન્ટ

- ●ઉમેદવારોએ પહેલી જાન્યુઆરી, ૨૦૨૫ પછી લેવાયેલા તેમનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો અપલોડ કરવો આવશ્યક છે.
- ●સહી અપલોડ કરો. ડાબા અને જમણા હાથના ફિંગરપ્રિન્ટ્સ અને અંગૂઠાના છાપની સ્કેન કરેલી તસવીર અપલોડ કરો.
- ●નાગરિકતા પ્રમાણપત્ર અપલોડ કરો (જો લાગુ હોય તો).
- ●સામાજિક શ્રેણી પ્રમાણપત્ર/અરજીનું પ્રમાણપત્ર અપલોડ કરો (જો લાગુ હોય તો).
- ●CGPA/ગ્રેડને ટકાવારીમાં રૂપાંતરિત કરવા માટે ધોરણ ૧૦ ની માર્કશીટ અને પાસિંગ પ્રમાણપત્ર અથવા સમકક્ષતા પ્રમાણપત્ર અપલોડ કરો, જેમાં સાચી જન્મ તારીખ હોય.
- ●જ્યાં લાગુ હોય ત્યાં PwBD/PwD પ્રમાણપત્ર અપલોડ કરવું પણ ફરજિયાત છે.

### રાજકોટમાં ૧૨૦ કિલો ચાંદીની ચોરીનો કેસ

# મહેસાણા વેચવા જતાં આરોપીની ૪૦ કિલો ચાંદીની સાથે ધરપકડ

## અન્ય મુદ્દામાલ જેની પાસે છે તેવા એક મુખ્ય આરોપીને શોધવા સુરત અને વડોદરામાં ચક્રો ગતિમાન કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

રાજકોટમાં થયેલી ૧૨૦ કિલો ચાંદીની ચોરી ચકચારી કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા હાથ લાગી છે, ટીમે બાતમીના આધારે ગુપ્ત ઓપરેશન હાથ ધરીને ૪૦ કિલો ચાંદીના જથ્થા સાથે એક આરોપી પ્રદીપ પ્રજાપતિને ઝડપી લીધો છે, જ્યારે અન્ય મુદ્દામાલ જેની પાસે છે તેવા એક મુખ્ય આરોપીને શોધવા સુરત અને વડોદરામાં ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે, આ ચોરાયેલો મુદ્દામાલ મહેસાણામાં વેચવા માટે લઈ જવામાં આવી રહ્યો હતો, તે દરમિયાન જ ક્રાઈમ બ્રાન્ચે આ કાર્યવાહી કરી હતી. હાલમાં આ ગુનામાં સંડોવાયેલા અન્ય એક મુખ્ય આરોપીને પકડવા માટે સુરત અને વડોદરામાં સઘન શોધખોળ હાથ ધરવામાં આવી છે અને સમગ્ર કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે પોલીસ દ્વારા આગળની કાયદેસરની તપાસ તેજ કરવામાં આવી છે. મહત્વનું છે કે, ગત ૪ ફેબ્રુઆરીએ રાજકોટ ચંપક નગરમાં ૧૨૦ થી ૧૨૫ કિલોગ્રામ ચાંદી(અંદાજિત રકમ ૧ કરોડથી વધુ)ની ચોરીની મોટી ઘટના સામે આવી હતી. તસ્કરો રાત્રે ૨ થી ૨.૩૦ વાગ્યા આસપાસ ફોર વ્હીલર લઈને આવ્યા હતા. વેપારીના પરિચિત બિપિનભાઈનું ઘર ટાર્ગેટ હતું. ઘરમાં ઘૂસીને ૧૨૦થી ૧૨૫ કિલોગ્રામ, કિંમતે ૧ કરોડથી વધુની ચાંદી ચોરી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ બિપિનભાઈએ વેપારી અતુલભાઈ પટેલને કરી હતી, તેમણે તાત્કાલિક પોલીસ અને ધારાસભ્ય ઉદય કાનગડને જાણ કરી હતી. જે પછી પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો, સીસીટીવી ફૂટેજ દ્વારા આરોપીઓની ભાળ મેળવવા ચોતરફ તપાસ આદરી હતી.

### અમદાવાદમાં ઓનલાઈન શોપિંગ કરતા સાવધાન!

# iPhone ચોરીના હાઈટેક કૌભાંડનો પર્દાફાશ કરાયો

## અસલી ફોન કાઢી ડમી ફોન પધરાવતા, પોલીસ સમક્ષ લાઈવ ડેમોમાં માત્ર ૨ મિનિટમાં કેમિકલથી પાર્સલ ખોલી બતાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં જો તમે પણ તહેવારોની સીઝનમાં કે ડિસ્કાઉન્ટની લાલચમાં ધડાધડ ઓનલાઈન શોપિંગ કરતા હોવ તો સાવધાન થઈ જજો. તમારું મોંઘું પાર્સલ તમારા સુધી પહોંચે તે પહેલાં જ રસ્તામાં બદલાઈ ગયું હોઈ શકે છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક એવી હાઈટેક ગેંગનો પર્દાફાશ કર્યો છે, જેની મોડસ ઓપરેન્ડી જોઈને પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. આ ગેંગ કેમિકલ અને ઈન્જેક્શનની મદદથી પાર્સલ ખોલીને તેમાં રહેલા કિંમતી આઈફોન અને અન્ય મોંઘી ચીજવસ્તુઓ ચોરી લેતી હતી અને તેની જગ્યાએ નકલી સામાન મૂકી દેતી હતી. આ ગેંગની કાર્યપદ્ધતિ અત્યંત શાતિર હતી. ગેંગના સભ્યો જ અલગ-અલગ નકલી આઈડી બનાવીને મોંઘા મોબાઈલ અને ગેજેટ્સ ઓર્ડર કરતા હતા. જ્યારે ઓર્ડર કુરિયર કંપનીમાં આવતો, ત્યારે ત્યાં નોકરી કરતા ગેંગના સાગરીતો (જેમ કે વિશાલ બાવરી) તે પાર્સલ ડિલિવરી માટે લઈ જતા હતા. રસ્તામાં તેઓ પાર્સલના પેકિંગ પર એક ખાસ પ્રકારનું પ્રવાહી (કેમિકલ) ઈન્જેક્શન દ્વારા લગાવતા હતા. આ કેમિકલની કમાલ એવી હતી કે કંપનીની ટેપ કે સીલ તૂટ્યા વગર સરળતાથી ખૂલી જતું હતું. તેઓ માત્ર ૨ મિનિટમાં પાર્સલ ખોલીને અસલી પ્રોડક્ટ કાઢી લેતા અને તેની જગ્યાએ ડમી કે નકલી પ્રોડક્ટ મૂકીને ફરીથી તે જ રીતે પેક કરી દેતા, જેથી ગ્રાહક કે કંપનીને કોઈ શંકા ન જાય. ચોરી કર્યા બાદ તેઓ ગ્રાહક તરીકે ઓર્ડર કેન્સલ કરી દેતા અથવા રિટર્ન કરતા અને કંપની પાસેથી રિફંડ પણ મેળવી લેતા. આમ તેમને અસલી ફોન પણ મળી જતો અને પૈસા પણ પાછા આવતા. નવા નરોડા સ્થિત એક કુરિયર કંપનીના મેનેજરને શંકા જતા તેમણે ફરિયાદ નોંધાવી હતી. તપાસમાં રૂ.૧.૩૪ લાખનો લેટેસ્ટ આઈફોન ૧૭ પ્રો અને અન્ય રૂ.૧.૨૨ લાખનો ફોન બદલાયો હોવાનું સામે આવ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચે જ્યારે આરોપી વિશાલ બાવરી અને તેની ગેંગને પકડીને પૂછપરછ કરી ત્યારે તેમણે આ ગુનો કબૂલ્યો હતો. પોલીસને ખાતરી કરાવવા માટે આરોપીઓએ લાઈવ ડેમો આપ્યો હતો. તેમણે પેટ્રોલ જેવા દેખાતા પ્રવાહીથી માત્ર ૨ મિનિટમાં પોલીસની હાજરીમાં જ પાર્સલ ખોલીને બતાવ્યું હતું, જે જોઈને અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા. પોલીસે આ કૌભાંડમાં કુલ ૫ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી ૮ અસલી ચોરીના મોબાઈલ અને ૨૫ નકલી (ડમી) મોબાઈલ જપ્ત કરવામાં આવ્યા છે. પકડાયેલા આરોપીઓમાં ૪ રાજસ્થાનના અને ૧ સુરતનો વતની છે.

વિશાલ બાવરી અમદાવાદમાં, મનોજ વડોદરામાં અને વિશાલ પંચાલ સુરતમાં ડિલિવરી બોય તરીકે કામ કરતા હતા. હાલ પોલીસ આ ગેંગના અન્ય ૨ ફરાર આરોપીઓને શોધી રહી છે.

આ ઘટના ઓનલાઈન ગ્રાહકો માટે લાલબત્તી સમાન છે. ખાસ કરીને મોંઘી વસ્તુઓ મંગાવતી વખતે ઓપન બોક્સ ડિલિવરી નો આગ્રહ રાખવો જોઈએ અથવા પાર્સલ ખોલતી વખતે તેનો વીડિયો ઉતારવો જોઈએ, જેથી છેતરાયા હોવ તો પુરાવો રહે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### ભાજપના લાંબા શાસનથી જનતા આક્રોશમાં, ઝઘડીયામાં AAP તરફ લોકોનો ઝુકાવ: ચૈતર વસાવા

# ઝઘડીયામાં AAP ધારાસભ્ય ચૈતર વસાવાની પરિવર્તન સભા યોજાઈ, હજારોની જનમેદની ઉમટી પડી, પરિવર્તનનો સંકેત





AAP ધારાસભ્ય ચૈતર વસાવાની ઉપસ્થિતિમાં ઝઘડીયા ખાતે વિશાળ "પરિવર્તન સભા" યોજાઈ હતી. આ પરિવર્તન સભામાં ખૂબ જ મોટી સંખ્યામાં ભાજપ કોંગ્રેસ સહિત અનેક સામાજિક આગેવાનો, નિવૃત્ત કર્મચારીઓ અને લોકો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. આ સભામાં હજારોની સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી અને પરિવર્તનના સંકેત આપ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, આજે બલેશ્વર ઝઘડીયા વિધાનસભામાં આમ આદમી પાર્ટીની પરિવર્તન સભા હતી અને આ સભામાં ભાજપ કોંગ્રેસ, બીટીપી સહિત સામાજિક સંગઠનો અનેક આગેવાનો, નિવૃત્ત અધિકારીઓ અને કાર્યકર્તાઓ AAPમાં જોડાયા છે એ તમામનું હું સ્વાગત કરું છું. અગાઉ કોંગ્રેસનું શાસન હતું ત્યારે પણ આ વિસ્તારમાં અલગ અલગ પ્રોજેક્ટના નામે આદિવાસી લોકોની જમીનો ગઈ હતી. હવે એ જ રીતે ભાજપે પણ અલગ અલગ પ્રદેશના નામે આ વિસ્તારના લોકોની જમીનોનું સંપાદન કરવાની તજવીજ હાથ ધરી છે. જેના કારણે લોકોમાં ખૂબ જ આક્રોશ છે. ભાજપના ત્રીસ વર્ષના શાસનમાં શિક્ષણનું સ્તર અહીંયા કથળી ગયું છે, સિંચાઈનું પાણી નથી મળતું, આ સિવાય રોજગારી અને આરોગ્ય જેવી બાબતોમાં પણ ભાજપ નિષ્ફળ સાબિત થયું છે અને એના આક્રોશને વ્યક્ત કરવા માટે હજારોની સંખ્યામાં આજે લોકો અહીંયા ઉપસ્થિત થયા હતા અને આ હજારો લોકોને ઉપસ્થિતિ બતાવે છે કે અહીંયા પરિવર્તન આવશે. હવે અહીંના લોકો અમારા વતી ચૂંટણી લડશે. અમારા જેવા નેતાઓ જો અવાજ ઉઠાવે તો અમારા પર ખોટી FIR કરવામાં આવે છે અને અમને જેલમાં નાખવામાં આવે છે. આ તમામ હેરાનગતિનો જવાબ જનતા લોકતાંત્રિક રીતે આપશે. અમને પૂરો વિશ્વાસ છે કે આમ આદમી પાર્ટી એકલા હાથે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકાઓની તમામ ચૂંટણીઓમાં જીતશે. નેત્રંગ વાલીયા ઝઘડિયા તાલુકા પંચાયતોમાં આમ આદમી પાર્ટીના પ્રમુખો બનવા જઈ રહ્યા છે. વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, ચંદ્રકાંતભાઈ વસાવા એક સેવાભાવી વ્યક્તિ છે અને અત્યાર સુધી એમણે પુરની પરિસ્થિતિ હોય, કોરોનાની પરિસ્થિતિ હોય, આવી તમામ કપરી પરિસ્થિતિઓમાં લોકોની મદદ કરી છે. એમણે ખૂબ જ મોટી સંખ્યામાં લોકોના લગ્ન પણ કરાવ્યા છે અને આજે અમારે આ વિસ્તારમાં કાર્યક્રમ કરવા માટે મેદાન જોઈતું હતું તો એમણે અમને મેદાન પણ અપાવ્યું છે. ભાજપના નેતાઓએ ચંદ્રકાંતભાઈને સવાલ પણ કર્યા કે "તેઓ શા માટે મેદાન આપી રહ્યા છે?" પરંતુ અમારું સ્પષ્ટ માનવુ છે કે ચંદ્રકાંતભાઈ કોઈ રાજકીય માણસ નથી પરંતુ સેવાભાવી માણસ છે માટે તેમણે ફક્ત સેવાના ભાગરૂપે આ મેદાન આપ્યું છે. કોઈપણ ધારાસભ્યે કે સાંસદે ન કર્યા હોય એટલા સેવાના કામ ચંદ્રકાંત ભાઈએ એકલાએ કર્યા છે. આજે આ કાર્યક્રમ માટે ગ્રાઉન્ડ આપ્યું છે એ બદલ અમે તેમનો આભાર પણ વ્યક્ત કરીએ છીએ.

વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, અબબબબબ અમારું સરકાર સામેનું સૂત્ર છે અને સાંસદે કહ્યું કે તેઓ અબબબબબનો વિરોધ કરે છે, તો તેઓ તો અગાઉ જોહારનો પણ વિરોધ કરતા હતા, અમે જ્યારે જય બિરસા મુંડા બોલતા હતા ત્યારે તેઓ તેનો પણ વિરોધ કરતા હતા. આજે અમે એમને જય આદિવાસી જય જોહાર અને જય બિરસા મુંડા બોલતા કર્યા છે અને હવે આવનાર દિવસોમાં લોકો જાગૃત થશે તો આ ભાજપનાનો લોકો સ્ટેજ પરથી અબબબબબ બોલવાના છે.

વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, હમણાં જેટલા પણ સર્વે આવી રહ્યા છે એમાં સ્પષ્ટ દેખાય રહ્યું છે કે ચૂંટણીમાં હવે ભાજપની સામે AAPની લડાઈ દેખાઈ રહી છે કોંગ્રેસ ક્યાંય પણ દેખાતી નથી. જે પણ લોકો જનતાને ગેરમાર્ગે દોરે છે એવા લોકોને હવે જનતા જાકારો આપશે. મહેશભાઈ વસાવાએ બીટીપી પાર્ટી બનાવી અને અમારા જેવા યુવાનો એ પાર્ટીમાં જોડાયા પરંતુ જ્યારે લડવાનો સમય આવે ત્યારે તેમણે ભાજપના ઈશારે નબળો ઉમેદવાર ઊભો રાખ્યો જેને ફક્ત ૩૦૦૦ મત મળ્યા હતા. ઝઘડિયામાં જ્યારે ભાજપે પ્રેશર કર્યું અને કહ્યું કે "પૈસા મળી જશે" તો એમણે પોતાના પોતાના પિતા એટલે કે છોટુભાઈ વસાવા સામે ફોર્મ ભર્યું. તો હવે આ મહેશભાઈ વસાવા ભાજપના અને મનસુખભાઈ વસાવાના કહેવાથી કોંગ્રેસમાં જોડાયા છે. તો જે વ્યક્તિ પોતાના પિતાના ન થયા એ બીજાના શું થશે?

# ભાજપ સાંસદ નરહરી અમીનની તાનાશાહી સામે AAPનું સ્થાનિકો સાથે મળીને આંદોલન

### એસપી રીંગ રોડ પર ઝુંડાલથી વૈષ્ણોદેવી તરફ જવાના રોડ પર હોટલ હિલ્લોક નજીકનો ડિવાઈડર કટ નરહરી અમીરના કહેવાથી ઔડા અને પોલીસે બંધ કર્યો: AAP

અમદાવાદ/ગુજરાત

ભાજપ સરકારની સાથે સાથે ભાજપના નેતાઓની પણ અવારનવાર તાનાશાહીભરી હરકતો આપણી સામે આવતી હોય છે. તો હમણાં અમદાવાદમાં કેટલાક સમયથી ભાજપના સાંસદ નરહરી અમીનની તાનાશાહીનું ઉદાહરણ પણ લોકો જોઈ રહ્યા છે અને જેના કારણે હવે લોકોમાં ખૂબ જ આક્રોશ છે. હકીકતમાં અમદાવાદના એસપી રિંગ રોડ પર ઝુંડાલથી વૈષ્ણોદેવી તરફ જવાના રોડ પર હોટલ હિલ્લોક નજીકનો ડિવાઈડર કટને ઔડા અને પોલીસ દ્વારા બંધ કરી દેવામાં આવ્યો છે અને સ્થાનિકો જણાવી રહ્યા છે કે ભાજપના સાંસદ નરહરી અમીનની રજૂઆત બાદ આ કટ બંધ કરવામાં આવ્યો છે. હવે આ ડિવાઈડર કટ બંધ કરવામાં આવ્યો તેના કારણે ન્યુ ત્રાગડ, ચાંદખેડા સહિતના વિસ્તારોમાં વાહન ચાલકોને હાલાકી ભોગવવી પડી રહી છે. ત્યારે આજે આ મુદ્દા પર આમ આદમી પાર્ટીએ અને સ્થાનિક લોકોએ સાથે મળીને આ મુદ્દે સિગ્નેચર અભિયાન ચલાવ્યું હતું. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના અમદાવાદ શહેર સંગઠન મહામંત્રી જતીન પટેલ, અમદાવાદ શહેર ઉપપ્રમુખ અમિત પંચાલ, છઈઁ નેતા કૌતુક શાહ, પ્રિતેશ પટેલ અને સુરેશ ગજ્જર સહિત આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ સ્થાનિકોની સાથે રહીને સિગ્નેચર અભિયાન ચલાવ્યું અને નારેબાજી કરીને પ્રદર્શન કર્યું. આ ડિવાઈડર કટ બંધ કરવામાં આવ્યો છે તેના કારણે લોકોએ ત્રણથી ચાર કિલોમીટર ફરીને જવું પડે છે જે મુદ્દે વારંવાર નરહરી અમીનને અને કોર્પોરેટરોને રજૂઆત કરવામાં આવી હતી પરંતુ કોઈપણ વ્યક્તિએ આ રજૂઆતને સાંભળી નહીં. જેના કારણે આ સમસ્યાનું નિરાકરણ ન આવતા આખરે લોકો રસ્તા પર ઉતરી આવ્યા.

આમ આદમી પાર્ટીની માંગણી છે કે આ ડિવાઈડર કટ તાત્કાલિક ધોરણે ખોલવામાં આવે અને લોકોને સમસ્યામાંથી છુટકારો આપવામાં આવે.

### પ્રસંગોને લઈને સામાજિક બંધારણ તૈયાર કરાયું

# પંચમહાલ: કુરિવાજો-ખર્ચા દૂર કરવા ક્ષત્રિય સમાજની અનોખી પહેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)પંચમહાલ

પંચમહાલના શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં સામાજિક સુધારણાની નવી લહેર જોવા મળી છે. જેમાં સામાજિક પ્રસંગોમાં થતા ખોટા કુરિવાજો, ખર્ચા દૂર કરવા ક્ષત્રિય સમાજની ભદ્રાલા ગામે યોજાયેલી બેઠકમાં બંધારણ ઘડવામાં આવ્યું છે.

વર્તમાન સમયમાં વધતી જતી મોંઘવારી સામે મધ્યમ અને ગરીબ વર્ગનો માણસ જ્યારે આર્થિક ભીંસ અનુભવી રહ્યો છે. પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં સામાજિક સુધારણાની એક અનોખી પહેલ શરૂ થઈ છે. લગ્ન અને મરણ જેવા પ્રસંગોએ થતાં બિનજરૂરી ખર્ચ અને કુરિવાજો દૂર કરી શિક્ષિત બનો અને સંગઠિત બનોના સૂત્રને સાર્થક કરવા ક્ષત્રિય સમાજ દ્વારા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ભદ્રાલા ગામે આવેલા ખોડિયાર માતાજીના મંદિરના પ્રાંગણમાં લાભી, ભદ્રાલા, હાંસાપુર, ધાંધલપુર અને સલામપુરા એમ પાંચ ગામોના ક્ષત્રિય સમાજના અગ્રણીઓની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં સામાજિક પ્રસંગોને સરળ બનાવવા અને આર્થિક બોજ ઘટાડવા માટે સર્વાનુમતે એક સામાજિક બંધારણ ઘડવામાં આવ્યું છે.

નવા બંધારણની મુખ્ય જોગવાઈઓ મુજબ સોના-ચાંદીના દાગીના, લગ્ન પ્રસંગે વ્યવહારમાં આપવામાં આવતા સોના-ચાંદીના દાગીનાની સંખ્યા મર્યાદિત રાખવી, ખર્ચ પર નિયંત્રણ જેવા કે ડીજે મ્યુઝિક સિસ્ટમ, મોસાળું અને કપડાંની લેવડદેવડના બિનજરૂરી ખર્ચ બંધ કરવા, જમણવારમાં પીરસવામાં આવતી વાનગીઓની સંખ્યામાં ઘટાડો કરવો.

સાથે-સાથે નિયમોનું પાલન નહીં કરનારા તેમજ પ્રસંગોમાં દારૂ પીને આવનાર કે ઝઘડો કરનાર વ્યક્તિ સામે કડક દંડનીય કાર્યવાહી કરવી સહિતના નિર્ણયો લેવાયા છે. આ સાથે લગ્નમાં થતાં ખોટા ખર્ચાથી બચવા સમુહ લગ્નોમાં સંતાનોના લગ્ન કરાવવા સૂચન પણ કરાયુ હતું.

સમાજના અગ્રણી અને એડવોકેટ અનોપસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, "લગ્ન અને મરણ પ્રસંગે થતા ખોટા ખર્ચાઓ રોકવા આ બંધારણ નક્કી કરાયું છે. સમાજને પ્રગતિના પંથે લઈ જવા અને સામાન્ય માણસને દેવામાંથી બચાવવા માટે પાંચ ગામના આગેવાનોએ મળીને આ નિર્ણય લીધો છે, જેનો અમલ ચુસ્તપણે કરવામાં આવશે."

આ બેઠકમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા યુવાનોએ પણ આ પરિવર્તનને આવકાર્યું હતું. સમાજના દરેક વ્યક્તિને આર્થિક રીતે અનુકૂળ રહે તેવા આ સામુહિક સ્વીકારને પગલે સમગ્ર પંથકમાં આ ઝુંબેશની પ્રશંસા થઈ રહી છે. આ પગલું આગામી સમયમાં અન્ય સમાજો માટે પણ પ્રેરણારૂપ બનશે.

### અમદાવાદમાં ઓઢવની મુકેશનગર સોસાયટીમાં પીવાના પાણીમાં મિક્સ થયું ગટરનું પાણી - ડૉ કરન બારોટ

# પીવાના પાણીમાં ગટરનું પાણી મિક્સ થવાની સ્થાનિકોની ફરિયાદના પગલે AAP યુવા નેતા અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ કરન બારોટ, જૈમિન દેસાઈ, ઈશ્વર દેસાઈ, નિશાંત ઠક્કર સહિતની ટીમ સવારે ૬ વાગે પહોંચી મુકેશનગર સોસાયટી ખાતે



અમદાવાદ/ગુજરાત

અમદાવાદમાં પીવાના પાણીમાં ગટરનું પાણી મિક્સ થવાની સ્થાનિકોની ફરિયાદના પગલે આમ આદમી પાર્ટી યુવા નેતા અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. કરન બારોટ, AAP નેતા જૈમિન દેસાઈ, ઈશ્વર દેસાઈ, નિશાંત ઠક્કર સહિતની ટીમ સવારે ૬ વાગે મુકેશનગર સોસાયટી ખાતે પહોંચી હતી. ઓઢવની મુકેશનગર સોસાયટીમાં પીવાના પાણીમાં ગટરનું પાણી મિક્સ થયું હતુ ત્યારે અહીં પહોંચેલા આમ આદમી પાર્ટી મુખ્ય પ્રવક્તા ડૉ કરન બારોટે જણાવ્યું હતુ કે મુકેશનગર સોસાયટી ખાતે આમ આદમી પાર્ટીની સ્થાનિક મુલાકાત દરમિયાન રહેવાસીઓ દ્વારા ગંભીર ફરિયાદો સામે આવી છે. આ વિસ્તારમાં પીવાના પાણીમાં ગટરનું પાણી મિશ્રિત થતું હોવાની વારંવાર ફરિયાદો મળી રહી છે. પરિણામે સમગ્ર વિસ્તારમાં આરોગ્ય સંકટ ઊભું થયું છે. આ વિસ્તાર ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈનો વિસ્તાર હોવા છતાં જો અહીંના લોકોને ગટરનું પાણી પીવું પડે છે, તો સમગ્ર ગુજરાતમાં સ્થિતિ કેટલી ભયાનક હશે તે અંગે ગંભીર પ્રશ્નો ઊભા થાય છે. સરકાર શું બીમારીની રાહ જોઈ રહી છે ? થોડા સમય પહેલાં ગાંધીનગરમાં ટાઈફોઈડના રોગચાળાના કારણે ૨૦૦થી વધુ બાળકો હોસ્પિટલમાં દાખલ થયા હતા અને ૭ વર્ષની દીકરી કાજલબેનનું ગટરનું પાણી પીવાથી દુઃખદ અવસાન થયું હતું. તે સમયે તંત્ર દ્વારા હેલ્થ સર્વેના નામે માત્ર દેખાવ પૂરતા નાટકો કરવામાં આવ્યા હતા. પાઈપલાઈન લીકેજ અને ભ્રષ્ટાચારના કારણે થયેલા રોગચાળાની વાત માનવ અધિકાર આયોગ સુધી પહોંચી હતી.

AAP નેતા ડૉ.કરન બારોટે વધુમાં જણાવ્યું હતું કે આજે ઓઢવ વિસ્તારની અંદર પણ તેવી જ સ્થિતિ સર્જાઈ છે. દરેક ઘરમાં કોઈને કોઈ સભ્ય બીમાર હોવાનું સામે આવ્યું છે. છેલ્લા દસ વર્ષમાં ગુજરાતમાં, ખાસ કરીને અમદાવાદમાં, ટાઈફોઈડ, કોલેરા, ડેંગ્યુ જેવી પાણીજન્ય અને મચ્છરજન્ય બીમારીઓથી ૯૦૦થી વધુ લોકોના મોત થયા છે, જેમાં મુખ્ય કારણ દૂષિત પાણી છે. જો ગુજરાતની જનતાને ગટરનું પાણી પીવું પડે, તો તે સરકાર માટે શરમજનક બાબત છે. આમ આદમી પાર્ટી સરકારને ચેતવણી આપે છે કે તાત્કાલિક ધોરણે આ સમસ્યાનો ટેમ્પરરી નહીં પરંતુ પરમેનન્ટ સોલ્યુશન લાવવામાં આવે. સમગ્ર વિસ્તારમાં પાઈપલાઈન લીકેજની તાત્કાલિક તપાસ થવી જોઈએ. ઘરેઘરે હેલ્થ સર્વે કરીને બીમારીઓની સાચી સ્થિતિ જાહેર કરવી જોઈએ. જ્યાં સુધી કાયમી ઉકેલ ન આવે ત્યાં સુધી શુદ્ધ પીવાના પાણીની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે તેમજ જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી અને સ્પષ્ટ એક્શન પ્લાન જાહેર કરવો જોઈએ. આ વિસ્તારના લોકો કરોડો રૂપિયાનો ટેક્સ ચૂકવે છે, વોટ આપે છે. જો સરકાર તેમને શુદ્ધ પાણી પણ ન આપી શકે, તો એવી સરકાર પર ધિક્કાર છે. એકથી બે દિવસની અંદર સ્પષ્ટ ઉકેલ નહીં આવે તો આમ આદમી પાર્ટી જનતા સાથે મળીને ઉગ્ર આંદોલન કરશે, જેમાં સરકાર અને જનપ્રતિનિધિઓને આ જ પાણી પીવા માટે મજબૂર કરવામાં આવશે. તેની સંપૂર્ણ જવાબદારી સરકારની રહેશે.

### દર્દીઓને મળશે લાભ

# સિવિલમાં હવે પેશાબની જટિલ સમસ્યાનું થશે ફ્રી અને સચોટ નિદાન

### ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં યુરોલોજી વિભાગની ઓપીડીમાં દર બુધવાર-શનિવારે દર્દીઓ આ સુવિધાનો લાભ મેળવી શકશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ સિવિલ હોસ્પિટલ વિવિધ ક્ષેત્રોમાં દર્દીઓ માટે ખુબ સુંદર કામ કરી રહી છે. હોસ્પિટલમાં દર્દીઓની સુવિધા માટે વિવિધ ટેક્નોલોજી પણ અપનાવવામાં આવી રહી છે. હવે સિવિલના યુરોલોજી વિભાગમાં ૫૫ લાખના ખર્ચે આધુનિક યુરોડાયનેમિક સ્ટડી સેવાની શરૂઆત કરવામાં આવી છે.

યુરોડાયનેમિક સ્ટડી દ્વારા મૂત્રાશય અને મૂત્રનળી કેવી રીતે કાર્ય કરે છે તેની ચોક્કસ તપાસ શક્ય બનશે. યુરોલોજી વિભાગના વડા ડો. શ્રેણિક શાહ જણાવે છે કે, "આ તપાસથી પેશાબની સમસ્યા ધરાવતા દર્દીને ચોક્કસ નિદાન મળે છે, જેના આધારે અસરકારક સારવાર આપી શકાય છે. પરિણામે, દર્દીઓને અનાવશ્યક દવાઓ કે સર્જરીના જોખમમાંથી બચાવી શકાય છે."

કયા રોગોમાં આ તપાસ ઉપયોગી છે?

આ તપાસ ખાસ કરીને નીચે મુજબની સમસ્યાઓમાં અત્યંત ઉપયોગી સાબિત થાય છે:

- વારંવાર પેશાબ થવો કે પેશાબ અટકાવી ન શકવો.
- પેશાબ કરતી વખતે દુખાવો કે શરૂ કરવામાં મુશ્કેલી.
- ન્યુરોજેનિક બ્લેડર અને પ્રોસ્ટેટના રોગો.
- સ્ત્રીઓમાં યુરિન લીકેજની સમસ્યા.
- સ્પાઈનલ ઈન્જરી, ડાયાબિટીસ અને પાર્કિન્સન જેવી નસ સંબંધિત બીમારીઓ ધરાવતા દર્દીઓ માટે આ પરીક્ષણ આશીર્વાદરૂપ છે.

સિવિલ હોસ્પિટલ અમદાવાદના તબીબી અધિક્ષક ડો.રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી આવી મોંઘી તપાસો માત્ર ખાનગી હોસ્પિટલો સુધી મર્યાદિત હતી, પરંતુ સિવિલ હોસ્પિટલમાં આ સુવિધા શરૂ થતાં સામાન્ય દર્દીઓને આર્થિક બોજમાંથી મુક્તિ મળશે. સિવિલ હોસ્પિટલ ખાતે શરૂ કરવામાં આવેલી આ તપાસ દર્દીઓ માટે સંપૂર્ણપણે મફતમાં કરવામાં આવશે.

રાજ્ય સરકારનો ઉદ્દેશ સરકારી હોસ્પિટલોમાં આધુનિક તપાસ અને સારવાર સુલભ બનાવવાનો છે. રૂ.૫૫ લાખનું અદ્યતન યુરોડાયનેમિક સાધન આ દિશામાં મહત્વપૂર્ણ પગલું છે, જેનાથી દર્દીઓને ચોક્કસ નિદાન અને યોગ્ય સારવાર મળી શકશે, એમ તેમણે ઉમેર્યું હતું.

સિવિલની ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં યુરોલોજી વિભાગની ઓપીડીમાં દર બુધવાર તેમજ શનિવારે દર્દીઓ માટે આ સુવિધા ઉપલબ્ધ રહેશે.

પેશાબની સમસ્યા ધરાવતા દર્દીઓએ સિવિલ હોસ્પિટલની યુરોલોજી ઓપીડીમાં તપાસ કરાવવાની રહેશે, જેથી તેઓ આધુનિક ટેકનોલોજીનો લાભ લઈ શકે.

## શેરબજાર ટિપ્સ અને ફંડેડ એકાઉન્ટના નામે મોટી છેતરપિંડીનો ભાંડાફોડ: પોલીસે મુંબઈથી બે આરોપીઓની ધરપકડ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સાયબર ક્રાઈમ સેલે મુંબઈથી બે શાતિર આરોપીઓને ઝડપી પાડ્યા. સુરતમાં શેરબજારની ટિપ્સ આપવાના પેકેજ અને ફંડેડ એકાઉન્ટ ખોલાવી મોટી કમાણી કરાવી આપવાના બહાને લોકો સાથે છેતરપિંડી કરનારા ગેંગનો સુરત સાયબર ક્રાઈમ સેલે ભાંડાફોડ કર્યો છે. આ મામલે પોલીસે મુંબઈથી બે આરોપીઓની ધરપકડ કરી મોટી સફળતા મેળવી છે. પકડાયેલા આરોપીઓમાં અજય મહિલ અને અજરોદીન જમાદારનો સમાવેશ થાય છે. આરોપીઓ સોશિયલ મીડિયા, વોટ્સએપ અને ટેલિગ્રામ જેવા પ્લેટફોર્મ મારફતે લોકોનો સંપર્ક કરી શેરબજારમાં ખાતરીપૂર્વક નફો અપાવવાની લાલચ આપતા હતા.

પોલીસ તપાસમાં ખુલ્યું છે કે, આરોપીઓ લોકો પાસેથી પહેલા શેરબજાર ટિપ્સના પેકેજ માટે રકમ વસૂલતા હતા. ત્યારબાદ ફંડેડ એકાઉન્ટ ખોલાવી આપવાના બહાને તેમના નામે કે અન્ય લોકોના નામે બેંક એકાઉન્ટનો ઉપયોગ કરી લેવડદેવડ કરાવતા હતા. આ એકાઉન્ટ્સ આરોપીઓ કમિશનના આધારે વાપરતા હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે. ફરિયાદ મળ્યા બાદ સુરત સાયબર ક્રાઈમ સેલે ટેક્નિકલ એનાલિસિસ અને ટ્રાન્ઝેક્શન ટ્રેકિંગના આધારે આરોપીઓનું લોકેશન મુંબઈમાં હોવાનું શોધી કાઢ્યું હતું. ત્યારબાદ પોલીસ ટીમે મુંબઈ જઈ બંને આરોપીઓને ઝડપી પાડ્યા.

આરોપીઓ દ્વારા અનેક લોકો સાથે છેતરપિંડી કરાઈ હોવાની શંકા, વિવિધ બેંક એકાઉન્ટ મારફતે લાખો રૂપિયાની હેરાફેરી, સોશિયલ મીડિયા મારફતે લોકોનો વિશ્વાસ જીતવાની પદ્ધતિ, અન્ય સાગરિતો સંડોવાયેલા હોવાની શક્યતા. આ મામલે સુરત શહેર સાયબર સેલના ડીસીપી વિશાખા જૈનએ જણાવ્યું કે, "શેરબજારમાં ઝડપી અને ખાતરીપૂર્વક નફાની લાલચ આપનારા લોકો સામે નાગરિકોએ સાવચેત રહેવું જોઈએ. આવા ફ્રોડ સામે સાયબર સેલ સતત નજર રાખી રહી છે." પોલીસે આરોપીઓના મોબાઈલ, લેપટોપ અને બેંક ડિટેલ્સ જપ્ત કરી વધુ તપાસ શરૂ કરી છે. આ ગેંગ સાથે જોડાયેલા અન્ય આરોપીઓ સુધી પહોંચવા માટે પણ તપાસ તેજ કરવામાં આવી છે. સાયબર ક્રાઈમ સેલે નાગરિકોને અપીલ કરી છે કે, કોઈપણ પ્રકારની શેરબજાર ટિપ્સ કે ઓનલાઈન રોકાણ કરતા પહેલા પૂરતી ચકાસણી જરૂર કરો.

### સમાધાન બાદ ૮ લોકોએ બે યુવકો પર કર્યો હુમલો, એકનું મોત

# અરવલ્લીના હરિપુરા ગામે લગ્નના વરઘોડામાં ખેલાયો ખૂની ખેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)અરવલ્લી

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના હરિપુરા ગામે લગ્નના વરઘોડામાં ખૂની ખેલ ખેલાયો છે. જૂની અદાવતમાં વરઘોડામાં આવેલા બે યુવકો પર આઠ શખ્સોની ટોળકીએ અચાનક પથ્થરમારો કરી જીવલેણ હુમલો કર્યો છે. જેમાં ૧૮ વર્ષના હાર્દિક હોથા નામના જુવાનધોધ યુવકનું કરૂણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક યુવક યોગેશ ડામોર ગંભીર રીતે ઘાયલ થતા તેને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

આ સમગ્ર ઘટના પાછળ જૂની અદાવત જવાબદાર હોવાનું સામે આવ્યું છે. ચોંકાવનારી વાત તો એ છે કે, હુમલાના થોડા સમય પહેલા જ બંને પક્ષો વચ્ચે સમાધાન થઈ ગયું હતું. જો કે, આ સમાધાન માત્ર દેખાડા પૂરતું હતું, સમાધાન બાદ પણ આરોપીઓએ મનમાં ખાર રાખીને બંને યુવકોની રેકી કરી હતી. જ્યારે આ યુવકો વરઘોડામાં આવ્યા હતા ત્યારે હરિપુરા અને કાળી ડુંગરીના આઠ શખ્સોએ તેમને આંતરીને જીવલેણ હુમલો કરી દીધો હતો. બંને યુવકો પર પથ્થરમારો કરતાં એકનું મોત થયું હતું જ્યારે અન્ય એક યુવક ઘાયલ થયો હતો. ઘટનાની જાણ થતા જ ભિલોડા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડીને આઠ શખ્સો વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક માહિતી પ્રમાણે આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું ઘડીને પથ્થરમારો કર્યો હતો જેમાં યુવકને જીવ ગુમાવવો પડ્યો છે. પોસ્ટમોર્ટમની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મૃતદેહ પરિવારજનોને સોંપી દેવાશે. હાર્દિકના અકાળે મોતથી પરિવારમાં માતમનો માહોલ છવાઈ ગયો છે. ખુશીનો પ્રસંગ માતમમાં ફેરવાતા ગામમાં ગમગીની છે . હાલ ગામમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત પણ તૈનાત કરવામાં આવ્યો છે. પોલીસે તમામ આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

### દુબઈનો જબરો કિસ્સો

# લાખોના દાગીના ભરેલી થેલી મહિલાએ ભૂલથી કચરાપેટીમાં ફેંકી દીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)દુબઈ,

દુબઈનો એક જબરદસ્ત કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક મહિલા સફાઈ કામ કરતી વખતે લાખોના દાગીના ભરેલી થેલી ભૂલથી કચરાપેટીમાં ફેંકી દે છે. આ અંગે તેને ખ્યાલ રહેતો નથી. જોકે, થોડા દિવસ પછી મહિલાએ ઘરમાં થેલી તપાસતા મળી ન હતી. આ પછી મહિલા સોનું મળશે તેની આશા પણ ખોઈ બેઠી હતી. જોકે, એક દિવસે પોલીસમાંથી ફોન આવે છે અને તેમને સોનું ભરેલી થેલી મળે છે. સમગ્ર મામલે મહિલાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી ન હતી, તેમ છતાં પણ તેને સ્થાનિક સફાઈકર્મીની ઈમાનદારીના કારણે તેની કિંમતી વસ્તુ પરત મળે છે.

ઘટના એમ છે કે, આશરે ૨૩ વર્ષ સંયુક્ત અરબ અમીરાતના દુબઈમાં રહીને ભારત પરત ફરેલી કામિની કાનન એક લગ્નમાં સામેલ થવા માટે દુબઈ ગઈ હતી. જ્યાં કામિનીએ સોનામાં ઈનવેસ્ટ કર્યું હતું. ઘણા સમય બાદ દુબઈ ગયા બાદ કામિનીએ ગોલ્ડ લીધું હતું. આ પછી, કામિનીએ ૧૨ લાખની કિંમતનું ૨૨ કેરેટ સોનું એક થેલીમાં રાખીને ઘરમાં મૂકે છે. જેમાં સફાઈ કામ કરતી વખતે કામિનીએ સોનું ભરેલી થેલી કચરાપેટીમાં ફેંકી દે છે. ત્યારબાદ ૪ ફેબ્રુઆરીએ કામિનીને તેમનું સોનું પરત મળે છે. સોનું રાખેલી થેલી એક સફાઈકર્મીને મળી હતી. આ પછી સફાઈકર્મી સોનાની થેલીને લઈને પોલીસ પાસે ગયો હતો. જેમાં પોલીસ પૂછપરછ અને તપાસમાં કચરો કઈ બિલ્ડિંગથી લેવામાં આવ્યો સહિતની માહિતી મેળવતા મૂળ માલિક કોણ છે તેનો ખ્યાલ આવ્યો હતો. જેને લઈને કામિનીના પુત્ર અભિમન્યુને પોલીસ સ્ટેશનમાં પૂછપરછ માટે બોલાવીને સોનું ચકાસ્યા બાદ પરત કરવામાં આવે છે.

# ગુજરાતમાં ટ્રાફીક જામમાંથી મળશે મુકિત: ગુજરાતમાં ૧૦૦ કરોડના અર્બન ટ્રાન્સપોર્ટ ફંડને મળી મંજુરી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકાર દ્વારા રાજયના મેટ્રો શહેરોમાં ટ્રાફીકની જટીલ સમસ્યાના કાયમી નિરાકરણ માટે એક મહત્વકાંક્ષી યોજનાને લીલીઝંડી આપવામાં આવી છે. રાજય સરકારે અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ યોજનાને મંજુરી આપી છે. જે અંતર્ગત ૧૦૦ કરોડ રૂપીયાના ખાસ ફંડની સ્થાપના કરવામાં આવશે. આ યોજનાનો મુખ્ય ઉદેશ શહેરોમા વાહનોનુ ભારણ ઘટાડવા માટે શહેરની બહારના ભાગમાં આધુનિક મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ વિકસાવવાનો છે. આ હબ બનવાથી બહારથી આવતા ભારે



વાહનો અને ખાનગી ટ્રાન્સપોર્ટ સેવાઓ શહેરની મર્યાદા બહાર જ અટકશે., જેથી મુખ્ય માર્ગો પર ટ્રાફીકની સમસ્યામાં મોટી રાહત મળશે.

આ પરીવર્તનકારી યોજનામાં મુસાફરોની સુવિધા માટે વનકાર્ડ, ઓલ સર્વિસનો અભિગમ અપનાવવામાં આવ્યો છે. એક જ સ્માર્ટ કાર્ડ ની મદદથી નાગરીકો મેટ્રો રેલ, સીટી બસ અને અન્ય સરકારી પરીવહન સેવાઓનો લાભ લઈ શકશે. આ ડીઝીટલ કનેકિટવીટીને કારણે મુસાફરોને અલગ અલગ ટીકીટ લેવાની પળોજણમાંથી મુકિત મળશે અને પરીવહન વ્યવસ્થા વધુ સુદ્રઢ બનશે. વિવિધ ટ્રાન્સપોર્ટ સેવાઓને એક બીજા સાથે સાંકળીને સરકાર શહેરી પરીવહનને વધુ સ્માર્ટ અને ઝડપી બનાવવાની દિશામાં આગળ વધી રહી છે.

# દિકરીના પિતાએ હવે માત્ર ૨૧ હજારનો જ કરીયાવર આપવો: ઠાકોર સમાજની પાટડી બંધારણ સભામાં લેવાયો નિર્ણય

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

પાટડી ખાતે ઠાકોર સમાજ દ્વારા આયોજીત બંધારણ સભામાં ધારાસભ્ય અલ્પેશ ઠાકોરનો રોદ્ર અવતાર જોવા મળ્યો હતો. તેમણે દસાડા પીઆઈ વાય યુ ઉપાધ્યાય વિરૂધ્ધ મોરચો ખોલતા કહ્યુ હતુ કે ગૃહ વિભાગે પીઆઈની બદલી કરવી જ પડશે, કેમ ન થાય બદલી ?

અલ્પેશ ઠાકોરે આક્ષેપ કર્યો હતો કે દસાડાના વાલેવડા ગામે દારૂબંધી મુદ્દે બાતમી આપનાર ગ્રામજનો વિરૂધ્ધ પીઆઈ દ્વારા દાદાગીરી અને કાર્યવાહી કરવામાં આવી છે.

દારૂના દુષણને ડામવાને બદલે જનતાને હેરાન કરવા બદલ તેમણે પોલીસ વિભાગને ચેલેન્જ આપી પી આઈ ઉપાધ્યાયની તાત્કાલીક બદલી કરવાની હુંકાર કરી છે. આ સભામાં સામાજિક કુરીવાજો અને ખોટા ખર્ચાઓ રોકવા માટે ઠાકોર સમાજે ઐતિહાસિક નિર્ણય લીધો હતો.

જાનમાં માત્ર ૧૦૦ લોકો જ જશે અને કરીયાવરમાં દિકરીના પિતાએ વધુમાં વધુ ૨૧ હજાર રૂપીયા જ આપવા, સગાઈમાં ૨૫ લોકોની મર્યાદા, ઓઢામણા, બોલામણા અને સગાઈમાં મોબાઈલ આપવા જેવી પ્રથાઓ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

સામાજિક પ્રસંગોએ ડી જે વગાડવા અને જન્મદિવસની ભપકાદાર ઉજવણીઓ બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. આ કાર્યક્રમમાં બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર અને અલ્પેશ ઠાકોર સહિત સમાજના અગ્રણીઓએ ઉપસ્થિત રહીને સમાજને શિક્ષિત બનાવવા અને ખોટા રીવાજો ત્યજવા અપીલ કરી હતી.





# રાજકોટના વીંછીયા ના અમરાપુરમાં ભાજપ નેતાના ખેતરમાંથી નકલી દારૂની ફેકટરી ઝડપાઈ: ૨૧૮ બોટલ કરાઈ જપ્ત

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટના વીંછીયા તાલુકાના અમરાપુર ગામની સીમમાં આવેલી એક વાડીમાં રાજકોટ ગ્રામ્ય પોલીસની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે દરોડા પાડીને નકલી ઈંગ્લીશ દારૂ બનાવતી એક મીની ફેકટરીનો પર્દાફાશ કર્યો છે. ચોંકાવનારી વાત એ છે કે જે ખેતરમાં આ ગોરખધંધો ચાલતો હતો તે રાજકોટ જિલ્લા પંચાયતના પીપરડી બેઠકના ભાજપના મહિલા સદસ્ય અને પૂર્વ ઉપપ્રમુખ સવિતાબેન વસાણીનુ છે. જેના કારણે રાજકીય ગરમાવો વધી ગયો છે,

પોલીસને બાતમી મળી હતી કે અમરાપુર ગામની સીમમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલી રહી છે. બાતમીના આધારે પોલીસે સવિતાબેન નાથાભાઈ વસાણીની વાડીમાં આવેલી ઓરડીમાં ઓચિંતા દરોડા પાડયા હતા. સ્થળ પર તપાસ કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. કારણ કે ત્યાં દારૂ બનાવવાની અને પેકીંગ કરવાની સામગ્રી પણ મળી આવી હતી.



પોલીસે સ્થળ પરથી જીતેશ સોલંકી અને પ્રદિપ સાગઠીયા સહિત કુલ ૪ શખ્સોને ઝડપી લીધા હતા. જેમાં બે સગીર હોવાનો પણ સમાવેશ થાય છે. દરોડા દરમિયાન ત્યાંથી જુદી જુદી બ્રાન્ડની ૨૧૮ બોટલ તૈયાર નકલી દારૂ, ૩૦ લીટર દારૂ બનાવવાનુ કેમીકલયુકત લીકવીડ અને પેકીંગ મટીરીયલ મળી આવ્યુ હતું. પોલીસે કુલ ૧.૪૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યુ હતુ કે આ આખુ રેકેટ સંગઠીત રીતે ચલાવવામાં આવતુ હતું અને તેમાં રાજસ્થાનનુ પણ કનેકશન હોવાનુ બહાર આવ્યુ છે.

આરોપીઓની મોડસ ઓપરેન્ડી એવી હતી કે તેઓ રાજસ્થાનના કિશન મારવાડી પાસેથી ટ્રાન્સપોર્ટ મારફતે કેમીકલયુકત લીકવીડ ખાલી બોટલો અને લેબલ મંગાવતા હતા. ત્યારબાદ ખેતરની ઓરડીમાં બેસીને લીકવીડમાં પાણી મીકસ કરી નકલી ઈંગ્લીશ દારૂ તૈયાર કરતા હતા અને તેને બ્રાન્ડેડ બોટલમાં ભરીને વેચતા હતા. આરોપીઓએ કબુલાત કરી હતી કે તેમણે ૪ દિવસ પહેલા જ આ કારસ્તાન શરૂ કર્યુ હતું. પોલીસ તપાસમાં સૌથી મોટો ખુલાસો એ થયો છે કે આ ગોરખધંધાનો મુખ્ય સુત્રધાર ભાજપ નેતાનો પુત્ર રણજીત વસાણી છે. જયારે પોલીસની રેડ પડી ત્યારે રણજીત પોલીસને જોઈને ઘટનાસ્થળે થી ફરાર થઈ ગયો હતો. પોલીસ હવે તેને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. આ ગંભીર ઘટના બાદ મહિલા સદસ્યના પતિ અને ભાજપ આગેવાન નાથાભાઈ વસાણીએ બચાવમાં નિવેદન આપતા કહ્યુ હતુ કે છેલ્લા ૨૭ વરસના જાહેર જીવનમાં મારા પર કયારેય કોઈ ડાઘ નથી લાગ્યો, આ મારા વિરૂધ્ધનુ એક રાજકીય ષડયંત્ર છે. જે શખ્સો પકડાયા છે તેમને હું ઓળખતો નથી, તેઓ બહાર થી સામાન લાવ્યા હશે, મારો પુત્ર રણજીત એક પ્રસંગમાં હતો તેને આ રેડ વિશે કોઈ જાણ ન હતી, આ ઘટનાએ ફરી એકવાર ગુજરાતમાં દારૂબંધીના અમલીકરણ પર પ્રશ્નો ઉભા કર્યા છે. જયારે સત્તાધારી પક્ષ ભાજપના નેતાઓના જ સંબંધીઓ આવા કૌભાંડમાં સંડોવાયેલા જોવા મળે ત્યારે તંત્રની કામગીરી શંકાના દાયરામાં આવે છે. હાલ પોલીસે મુખ્ય આરોપી રણજીતને પકડવા રાજસ્થાનના સપ્લાયર સુધી પહોચવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ધોકા ઉપાડવાવાળી વાતને લઈ પરશોત્તમ સોલંકીએ આપ્યુ નિવેદન: જેને જે સમજવુ હોય ઈ સમજે : બધાએ મારા દાખલા જોયેલા છે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતભરમાં ચર્ચિત બનેલા બગદાણાના નવનીત બાલધીયા હુમલા કેસ માં સમગ્ર કોળી સમાજમાં રોષ જોવા મળ્યો હતો. એ સમયે રાજયના મંત્રી પરશોત્તમ સોલંકીનો એક ધોકા ઉપાડવાવાળી વાત કહેતો વિડીયો બહાર આવ્યો હતો. ત્યારે એ વાત અંગે સ્પષ્ટતા કરતો પરશોત્તમ સોલંકીનો એક વિડીયો હાલ સોશીયલ મીડીયામાં ફરતો થયો છે. જેમાં તેઓ કહે છે કે જેને જે સમજવુ હોય ઈ સમજે, જે છે એ છે, બધાએ મારા દાખલા જોયેલા છે, નવુ કંઈ કહેવાની જરૂર નથી, હાલ પરશોત્તમ સોલંકીનો એક કાર્યક્રમનો વિડીયો સોશીયલ મીડીયામાં ફરતો થયો છે. જેમાં પરશોત્તમ સોલંકી અગાઉ જે ધોકા ઉપાડવાવાળી વાત તેમણે કહી હતી તેના સંદર્ભમાં ઉપસ્થિત મેદનીને કહી રહ્યા હતા. તેમણે એ વાતનો ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે તમને બધાને ખબર છે કે હું વધારે બોલતો નથી. એક મર્યાદા હોય, તમે બધાએ હમણાનો નવો એક દાખલો જોયો, હું એક ગામમાં ગયો હતો, જયાં લોકોને જોઈને મારાથી રહેવાયુ નહી એટલે મારાથી કહેવાય ગયુ કે તમે ચિંતા કરતા નહી, તેમણે વધુમાં કહ્યુ કે તમને કોઈને ટેન્શન હું નહી આપુ, પણ તમને કોઈ ધોકા મારે તો પરશોત્તમ સોલંકી છે, આમ કહ્યા બાદ મે સમાચારમાં જોયુ બધા કહેતા હતા કે આ મંત્રી દરજજાનો માણસ અને જાહેરમાં આવુ બોલ્યા, તો મેં કહી દીધુ કે જેને જે સમજવુ હોય એ સમજે, હું તો જે છુ એ છુ, આ કોળી સમાજનો દિકરો, મને બીજુ કંઈ આવડતુ નથી. બધા





સમજતા હોય, તમે બધાએ મારા દાખલા જોયેલા છે, તમને કંઈ નવુ કહેવાની જરૂર નથી, બગદાણામાં નવનીત બાલધીયા પર હુમલા કેસ બાદ ગુજરાત રાજયના મત્સ્ય ઉદ્યોગમંત્રી પરશોત્તમ સોલંકીનો એક વિડીયો સોશીયલ મીડીયામાં ફરતો થયો હતો. જેમાં તેમણે જણાવ્યુ હતુ એને કોઈ મતલબ નથી, જયારે જરૂર પડે ત્યારે ધોકા ઉપાડવા પડે ને તો પરશોત્તમ સોલંકી ઉપાડી લે, એમાં તમારે ચિંતા કરવી નહી, મારા બંગલે આવી જાવ, ભાવનગર હોવ કે પછી ગાંધીનગર, તમારે અખતરા કરવા હોય તો પરશોત્તમ સોલંકીને યાદ કરી લે જો,

# અમદાવાદમાં શાસ્ત્રી બ્રિજ પર ભારે વાહનો પર ૮ જાન્યુઆરી પ્રતિબંધ: આગામી ૧૧ મહિના માટે બંધ રહેશે

### શાસ્ત્રી બ્રિજના બેરિંગ અને પેડેસ્ટર જર્જરિત હોવાથી ભારે વાહની અવરજવર બંધ કરવામાં આવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદનો નારોલ-વિશાલાને જોડતા શાસ્ત્રી બ્રિજ પર હવે ભારે વાહનો પસાર નહિ થઈ શકે, ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લેવાયો છે. ૮ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી બ્રિજ પર ભારે વાહનો પર પ્રતિબંધ જાહેર કરાયો છે. બ્રિજના બેરિંગ અને પેડેસ્ટર જર્જરિત હોવાથી ભારે વાહનો પર પ્રતિબંધ મૂકાયો છે.

અમદાવાદમાં હાલ સુભાષ બ્રિજના સમારકામની કામગીરી ચાલુ છે. ત્યારે હવે શાસ્ત્રીબ્રિજથી પિરાણા સુધીનો રસ્તો આગામી ૧૧ મહિના માટે બંધ રહેશે. જેમા વિશાલા સર્કલથી પિરાણા ચાર રસ્તા સુધીનો ચાર કિલોમીટરના રસ્તો પર ભારે, મધ્યમ અને પેસેન્જર વાહનોની અવરજવર માટે બંધ રહેશે. વિશાલા સર્કલથી પિરાણા સર્કલ સુધીનો ચાર કિલોમીટરનો રસ્તો ભારે, મધ્યમ અને પેસેન્જર વાહનો માટે બંધ રહેશે. બ્રીજના રેપિરિંગની કામગીરી આગામી ૧૧ મહિના સુધી ચાલશે.

આ બ્રીજ બંધ થતા વાહન ચાલકોએ ડાયવર્ઝનનો ઉપયોગ કરવાનો રહેશે.જેમાં લાંભા જશોદાનગરથી આવતા આવતા વાહનોને પીરાણા જંકશનથી જમણી બાજુ ડમ્પીંગ સાઈટથી બહેરામપુરા થઈને આંબેડકર બ્રિજથી અંજલી ચાર રસ્તાથી વાસણા વિશાલા તરફ જઈ શકાશે. જ્યારે સરખેજ જુહાપુરાથી આવતા વાહન ચાલકોને અંજલી ચાર રસ્તાથી આંબેડકર બ્રિજ થઈ કેલીકો મિલથી પિરાણાના તરફ આવવાના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. બ્રિજ પર રાતના સમયે વાહનચાલકો પસાર ન થાય તે માટે વિશેષ ટ્રાફિક વ્યવસ્થા સાથે સ્ટાફને બંદોબસ્તમાં મુકવામાં આવશે. ટ્રાફિક પોલીસ દ્વારા વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા કરવામાં આવી છે અને નાગરિકોને સૂચના આપવામાં આવી છે કે શક્ય હોય ત્યાં સુધી જાહેર પરિવહનનો ઉપયોગ કરે અને ટ્રાફિક નિયમોનું પાલન કરે. જો કે આ વૈકલ્પિ માર્ગ પર બ્રીજ બંધ થતાં ૧૧ મહિના સુધી ટ્રાફિક વધવાની શક્યતા છે.

અમદાવાદમાં એસપી રિંગ રોડ પર ઔડા-પોલીસે ડિવાઈડર કટ બંધ કરાતા સ્થાનિકોએ વિરોધ કર્યો છે. આજે સ્થાનિકોએ ચક્કાજામ કરતા વાહનોની લાંબી લાઈનો જોવા મળી હતી. ઝુંડાલથી વૈષ્ણોદેવી તરફનો ડિવાઈડર કટ બંધ કરાયું છે. ડિવાઈડર કટ બંધ કરાતા લોકોને ૩થી ૪ કિમીનો ફેરો થાય છે. આ સમસ્યાના કારણે સ્થાનિકોએ ડિવાઈડર કટ ખોલવા સ્થાનિકોનું સિગ્નેચર કેમ્પેઈન શરૂ કર્યું છે. રજૂઆત બાદ પણ પ્રશ્નનું નિરાકરણ ન આવ્યાનો આરોપ સ્થાનિકો લગાવી રહ્યાં છે.

### પતિના અન્ય યુવતી સાથેના આડા સંબંધો હતા

# સાસરિયાના ત્રાસથી કંટાળી પરિણીતાએ મોતને વ્હાલું કર્યુ

### ૨૮ વર્ષીય પરિણીતાએ પોતાના ૫ માસના માસૂમ પુત્ર સાથે કૂવામાં ઝંપલાવી આત્મહત્યા કરી લીધી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)પંચમહાલ

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના માતરિયા વેજમા ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. પતિના અન્ય યુવતી સાથેના આડા સંબંધો અને સાસરિયાઓના અસહ્ય માનસિક ત્રાસથી કંટાળીને ૨૮ વર્ષીય પરિણીતાએ પોતાના ૫ માસના માસૂમ પુત્ર સાથે કૂવામાં ઝંપલાવી આત્મહત્યા કરી લીધી છે. આ મામલે મૃતકના પિયર પક્ષે પતિ, સાસુ અને દિયર સામે દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી છે. દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના બારેલા ગામના ચડુભાઈ હીરાભાઈ માલીવાડની પુત્રી સંગીતાબેનના લગ્ન ત્રણ વર્ષ પૂર્વે મોરવા હડફના માતરિયા વેજમા ગામના રાકેશ કાંતિભાઈ બારીયા સાથે થયા હતા. લગ્નજીવનના શરૂઆતના ગાળામાં બધું જ સુખરૂપ ચાલતું હતું અને સંગીતાબેને એક પુત્રને જન્મ આપ્યો હતો. જોકે, થોડા સમય બાદ પતિ રાકેશના અન્ય યુવતી સાથે પ્રેમસંબંધો હોવાની જાણ થતા ઘરમાં કંકાસ શરૂ થયો હતો.

પરિણીતાના પિયર પક્ષના જણાવ્યા અનુસાર, પતિ રાકેશ ઉપરાંત સાસુ મીરાબેન અને દિયર સુનિલ પણ સંગીતાબેનને "તું અમને ગમતી નથી, તારા પિતાના ઘરે જતી રહે" તેમ કહી અવારનવાર માનસિક ત્રાસ આપતા હતા. આ સતત થઈ રહેલા ઘરેલુ ક્લેશથી કંટાળીને ગત ૫ ફેબ્રુઆરીના રોજ સંગીતાબેન પોતાના ૫ માસના પુત્ર કિયાનને લઈને ઘરેથી નીકળી ગયા હતા. શોધખોળ બાદ માતા-પુત્રની લાશ ઘર નજીકના જ એક કૂવામાંથી મળી આવી હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિકો અને પોલીસ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે કૂવામાંથી બંનેના મૃતદેહો બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોરવા હડફની સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યા હતા. શરૂઆતમાં અકસ્માતે મોતનો ગુનો નોંધ્યા બાદ, પિયર પક્ષના આક્ષેપો અને ફરિયાદને આધારે મોરવા હડફ પોલીસે પતિ રાકેશ બારીયા, સાસુ મીરાબેન અને દિયર સુનિલ વિરુદ્ધ આપઘાત માટે મજબૂર કરવા બદલ (દુષ્પ્રેરણા) ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ ગોધરા ડીવાયએસપી દ્વારા કરવામાં આવી રહી છે.

### ૨૧૮ બોટલ જપ્ત, પુત્ર ફરાર

# ભાજપ નેતાના ખેતરમાંથી નકલી દારૂની ફેક્ટરી ઝડપાઈ!

### વિંછીયામાં પોલીસના દરોડા, જિલ્લા પંચાયતના સદસ્ય સવિતાબેન વસાણીની વાડીમાં ધમધમતી હતી મિનિ ફેક્ટરી

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટના વિંછીયા તાલુકાના અમરાપુર ગામની સીમમાં આવેલી એક વાડીમાં રાજકોટ રૂરલ પોલીસની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે દરોડા પાડીને નકલી ઈંગ્લિશ દારૂ બનાવતી એક મિનિ ફેક્ટરી નો પર્દાફાશ કર્યો છે.

ચોંકાવનારી વાત એ છે કે જે ખેતરમાં આ ગોરખધંધો ચાલતો હતો, તે રાજકોટ જિલ્લા પંચાયતના પીપરડી બેઠકના ભાજપના મહિલા સદસ્ય અને પૂર્વ ઉપપ્રમુખ સવિતાબેન વસાણીનું છે, જેના કારણે રાજકીય ગરમાવો વધી ગયો છે.

પોલીસને ગુપ્ત બાતમી મળી હતી કે અમરાપુર ગામની સીમમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલી રહી છે. બાતમીના આધારે પોલીસે સવિતાબેન નાથાભાઈ વસાણીની વાડીમાં આવેલી ઓરડીમાં ઓચિંતા દરોડા પાડ્યા હતા. સ્થળ પર તપાસ કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી, કારણ કે ત્યાં દારૂ બનાવવાની અને પેકિંગ કરવાની સામગ્રી મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી જીતેશ સોલંકી અને પ્રદીપ સાગઠિયા સહિત કુલ ૪ શખ્સોને ઝડપી લીધા હતા, જેમાં બે સગીરનો પણ સમાવેશ થાય છે.

દરોડા દરમિયાન ત્યાંથી જુદી જુદી બ્રાન્ડની ૨૧૮ બોટલ તૈયાર નકલી દારૂ, ૩૦ લીટર દારૂ બનાવવાનું કેમિકલયુક્ત લિક્વિડ અને પેકિંગ મટિરિયલ મળી આવ્યું હતું. પોલીસે કુલ ૧.૪૮ લ્હાર નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ આખું રેકેટ સંગઠિત રીતે ચલાવવામાં આવતું હતું અને તેમાં રાજસ્થાનનું પણ કનેક્શન ખુલ્યું છે.

આરોપીઓની મોડસ ઓપરેન્ડી એવી હતી કે તેઓ રાજસ્થાનના કિશન મારવાડી પાસેથી ટ્રાન્સપોર્ટ મારફતે કેમિકલયુક્ત લિક્વિડ, ખાલી બોટલો અને લેબલ મંગાવતા હતા.

ત્યારબાદ ખેતરની ઓરડીમાં બેસીને લિક્વિડમાં પાણી મિક્સ કરી નકલી ઈંગ્લિશ દારૂ તૈયાર કરતા હતા અને તેને બ્રાન્ડેડ બોટલમાં ભરીને વેચતા હતા. આરોપીઓએ કબૂલાત કરી છે કે તેમણે ૪ દિવસ પહેલા જ આ કારસ્તાન શરૂ કર્યું હતું.

પોલીસ તપાસમાં સૌથી મોટો ખુલાસો એ થયો છે કે આ ગોરખધંધાનો મુખ્ય સૂત્રધાર ભાજપ નેતાનો પુત્ર રણજીત વસાણી છે. જ્યારે પોલીસની રેડ પડી ત્યારે રણજીત પોલીસને જોઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. પોલીસ હવે તેને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

આ ગંભીર ઘટના બાદ મહિલા સદસ્યના પતિ અને ભાજપ આગેવાન નાથાભાઈ વસાણીએ બચાવમાં નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, "છેલ્લા ૨૭ વર્ષના ના જાહેર જીવનમાં મારા પર ક્યારેય કોઈ ડાઘ નથી લાગ્યો. આ મારા વિરુદ્ધનું એક રાજકીય ષડયંત્ર છે. જે શખ્સો પકડાયા છે તેમને હું ઓળખતો નથી, તેઓ બહારથી સામાન લાવ્યા હશે. મારો પુત્ર રણજીત એક પ્રસંગમાં હતો, તેને આ રેડ વિશે કોઈ જાણ નહોતી."

આ ઘટનાએ ફરી એકવાર ગુજરાતમાં દારૂબંધીના અમલીકરણ પર સવાલો ઉભા કર્યા છે. જ્યારે સત્તાધારી પક્ષના નેતાઓના જ સંબંધીઓ આવા કૌભાંડમાં સંડોવાયેલા જોવા મળે, ત્યારે તંત્રની કામગીરી શંકાના દાયરામાં આવે છે.

હાલ પોલીસે મુખ્ય આરોપી રણજીતને પકડવા અને રાજસ્થાનના સપ્લાયર સુધી પહોંચવા માટે તપાસ તેજ કરી છે.

### પરિવારમાં ચા બનાવવા જેવી બાબતે સામાન્ય ઝઘડો

# સાવકા પુત્રએ પિતાની કરી હત્યા, પોલીસે દબોચી લીધો

### આરોપી પુત્ર સુરેશ મસારે ઉશ્કેરાઈ જઈને તેના પાલક પિતા રમણભાઈના માથાના ભાગે જોરદાર ઘા ઝીંકી દીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના મુંજયાસર ગામની સીમમાં માનવતાને શરમાવે તેવી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી. લોહીના સંબંધો જ્યારે દુશ્મન બની જાય ત્યારે કેવી ભયાનક સ્થિતિ સર્જાય છે, તેનો પુરાવો અહીં જોવા મળ્યો છે. માત્ર ચા બનાવવા જેવી સામાન્ય સાવકા પુત્રએ પોતાના જ પાલક પિતા પર જીવલેણ હુમલો કરી તેમને મોતને ઘાટ ઉતારી દીધા હતા. હાલ બગસરા પોલીસે હત્યારા સાવકા પુત્ર સુરેશ મસારની ધરપકડ કરી લીધી છે.

મુંજયાસર ગામની સીમમાં કિશોરભાઈ પટોળીયાની વાડીમાં પરપ્રાંતિય શ્રમિક પરિવાર ખેતમજૂરી કરી ગુજરાન ચલાવતો હતો. પરિવારમાં ચા બનાવવા જેવી બાબતે સામાન્ય ઝઘડો થયો હતો. આ તકરાર એટલી હદે વણસી હતી કે આરોપી પુત્ર સુરેશ મસારે ઉશ્કેરાઈ જઈને તેના પાલક પિતા રમણભાઈ કટારાના માથાના ભાગે બોથડ પદાર્થ વડે જોરદાર ઘા ઝીંકી દીધો હતો. આ હુમલો એટલો ગંભીર હતો કે રમણભાઈનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

હત્યારો સુરેશ એટલો આવેશમાં હતો કે તેણે માત્ર પિતાની હત્યા જ ન કરી, પરંતુ વચ્ચે પડેલી અન્ય બે મહિલાઓ પર પણ હુમલો કર્યો હતો. હુમલામાં સુરેશની માતા સીતાબેન અને રમણભાઈની પુત્રી અસ્મિતા પણ ઘાયલ થઈ હતી. ઈજાગ્રસ્ત બનેલી બંને મહિલાઓને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

ઘટનાની જાણ થતા જ અમરેલી ડીવાયએસપી (DySP) ચિરાગ દેસાઈ સહિતના ઉચ્ચ અધિકારીઓ અને બગસરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. બગસરા પોલીસે ગણતરીના કલાકોમાં જ હત્યારા સાવકા પુત્ર સુરેશ મસારની ધરપકડ કરી લીધી છે. પોલીસે હત્યા અને હુમલાનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સુરતમાં પિતા-પુત્ર ઉપર જીવલેણ હુમલો, પુત્રનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. સુરતમાં પિતા-પુત્ર પર નજીવી બાબતે જીવલેણ હુમલો થયો છે. હુમલામાં પુત્રનું મોત થયું છે, જ્યારે પિતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. મૃતકનું નામ ૩૦ વર્ષીય મોહમ્મદ ફરીદ બોમ્બાવાળા હોવાનું સામે આવ્યું છે. આ ઘટના સુરતના કોસાડ આવાસમાં બની છે. સુરતમાં પિતા-પુત્ર પર હુમલાની ઘટના સામે આવી છે. કોસાડ આવાસમાં નાના બાળકો લડી રહ્યાં હતા. આ દરમિયાન મૃતક લડી રહેલાં બાળકોના પિતાને સમજાવવા ગયા હતા. આ દરમિયાન બાળકના પરિવાર સાથે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ ૪ ઈસમોએ યુવક પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો. હુમલા દરમિયાન યુવકના પિતા વચ્ચે બચાવમાં આવ્યા તો તેમના પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. ચપ્પુ વડે જીવલેણ હુમલો કરતા યુવકનું સારવાર મળે તે પહેલા મોત થયું છે. જ્યારે મૃતકના પિતાને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે સ્મિમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટનામાં અમરોલી પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

સુરતમાં સતત બની રહેલી ગંભીર ગુનાની ઘટનાઓએ કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર સવાલ ઉઠાવ્યા છે. ફરી એકવાર અસામાજિક તત્વોએ એક યુવકનો ભોગ લીધો છે. ત્યારે સુરત શહેર પોલીસની કાર્યવાહી પર પણ સવાલો ઉઠી રહ્યાં છે.